Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेया हिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पनमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः । विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. શ્રાવણ સં. ૧૯૬૫. શાકે. ૧૮૩૧. અંક ૫ મો.

## શ્રી જ્ઞાનસાર સૂત્ર વિવરણ.

જૈન તત્વજ્ઞાન. ( Jain Philosophy)

### मोह—अष्टक ( ४ )

[ અનુસંધાન પૃષ્ટ ૭૫થી ]

હવે મોહવશ પ્રાણીની કેવી માઠી હાલત થાય છે તે વાતનેજ શાસ્ત્રકાર સ્પષ્ટ કરે છે—

विकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययं ।
भवोच्चतालमुत्ताल–प्रपंचमधितिष्ठति ॥ ५ ॥

**ભાવાર્થ**—વિવિધ વિકલ્પરૂપી પ્યાલાવડે જેણે મોહમદિરા પીધી છે એવો મૂઢ આત્મા આ સંસારરૂપી મદ્યપ-ગોષ્ઠીસ્થાનમાં હર્ષ શોક અને દીનતારૂપ અથવા જન્મ જરા અને મરણરૂપ અનેક અનિષ્ટ ચેષ્ટાને વિસ્તારતોજ જાય છે. મોહવશ પડેલા પ્રાણીના મહા માઠા હાલ થાય છે.

**વિવરણ**—જેમ દારૂડીયા લોકો દારૂ પીવાના સ્થાનમાં એકઠા મળી દારૂના પ્યાલા પીને ગાંડા--મદોન્મત્ત બની છડે ચોક અનેક પ્રકારની કુચેષ્ટા કરે છે,

For Private And Personal Use Only

નહિં બોલવા યોગ્ય બોલે છે અને નહિં કરવા યોગ્ય કરે છે, એમ અનેક પ્રકારની વિપરીત ચેષ્ટા દારૂના નીશામાં કરે છે, તેમ નાના પ્રકારના માઠા સંકલ્પ અને વિકલ્પોવડે મોહને વશ થયેલા મૂઢ જીવો આ સંસારરૂપી વિશાલ નગરીના ચતુર્ગતિરૂપ ચૌટા, એકેંદ્રિયાદિક જાતિરૂપ વાડા અને ૮૪ લક્ષ જીવાયોનિરૂપ વિવિધ ઉત્પત્તિસ્થાનમાં વારંવાર જન્મ મરણાદિકનાં દુઃખને દેવાવાળાં રાગદ્વેષ, રતિ અરતિ આદિ ૧૮ પાપસ્થાનકોને અહોનિશ સેવ્યા કરે છે. જેને કંઇ પણ હિતાહિતનું ભાનજ નથી એવા વિવેકવિકળ અજ્ઞાની જીવો તુચ્છ એવા વિષયસુખને માટે ક્ષણિક સુખની લાલચાથી અનેક જીવોનું ઉપમર્દન કરે છે, અન્યને અપ્રીતિકારક અને અહિતકારી એવું અસત્ય બોલે છે, પ્રાણની જેવી પ્યારી લેખાયેલી પારકી લક્ષ્મીનું અપહરણ કરે છે, પરસ્ત્રી, કુલાંગના (કુમારીકા), વિધવા કે વેશ્યાની સાથે વ્યભિચાર સેવે છે, અત્યંત મૂર્છાવડે એક યા અનેક ચીજોનો સંગ્રહ કરે છે, ક્રોધાદિક કષાયને સેવે છે, રાગ દ્વેષ કરે છે, પરની સાથે કલેશ પેદા કરે છે, પરની ઉપર ખોટા આળ ચઢાવે છે, પારકી સાચી કે ખોટી ચાડી ખાય છે, ઇષ્ટાનિષ્ટ સંયોગ વિયોગમાં હર્ષ અને ખેદને ધારે છે, પારકી નિંદા કરે છે તેમજ પોતાનાં વખાણ કરે છે, માયામૃષાને સેવે છે–વિશ્વાસઘાત કરે છે અને મિથ્યાત્વશલ્યને સેવે છે–નહિં માનવાનું માને છે, નહિં કહેવાનું કહે છે, અને નહિં કરવાનું કરે છે. આ પ્રમાણે અઢારે પાપસ્થાનકને અહોનિશ સેવીને પોતાના આત્માને મલીન કરનારા અવિવેકી જીવો પૂર્વપુણ્યયોગે પ્રાપ્ત થયેલી શુભ સામગ્રીનો દુરૂપયોગ કરીને અંતે અધોગતિનેજ પામે છે. નરકગતિમાં પરમાધામીઓ તેમને વિવિધ પ્રકારે પીડા કરે છે. બળ્યા ઉપર ખાર દેવાની જેમ તે તેમને પૂર્વનાં પાપકૃત્યોનું સ્મરણ કરાવી કરાવીને સંતાપે છે. તેઓની ત્યાં જે જે વિટંબના થાય છે તેનું યથાર્થ બ્યાન કરવાને કોઇ સમર્થ નથી. પરમાધામીકૃત વિડંબના ઉપરાંત ક્ષેત્રસંબંધી અને અન્યોન્યજન્ય જે જે વ્યથા ત્યાં તેમને સહવી પડે છે, તે સાંભળતાં પણ શ્રોતાજનનું કોમળ હૃદય કંપે છે. છેદન ભેદન તાડન અને તર્જન વિનાનો એક ક્ષણ પણ એવો વ્યતીત થતો નથી કે જેમાં તેમને કંઇ પણ વિશ્રાંતિ મળતી હોય. વચનથી વર્ણવી ન શકાય એવાં એવાં અઘોર દુઃખ તેમને ત્યાં સતત સહેવાં પડે છે. તિર્યંચ ગતિમાં પરાધીનપણે ભૂખ તૃષા શીત ઉષ્ણ બંધન છેદન અને વધ સંબંધી મહા વ્યથા તેમને સહેવી પડે છે. દૈવવશાત્ મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય તોપણ દુઃખદારિદ્ર્ય અને દીનતાવાળીજ સ્થિતિ અનુભવવી પડે છે, અને દેવગતિમાં ઉત્પન્ન થાય તો કિલ્વિષિક અથવા આભિયોગિક દેવપણે તેમને વિટંબના સહેવી પડે છે. આમ કોઇ પણ ગતિમાં તેમને પૂર્વકૃત પાપના યોગે ક્ષણભર પણ સ્વતંત્ર સમાધિ–સુખ પ્રાપ્ત થતુંજ નથી. વળી ઉક્ત ચારે ગતિમાં એવાં એવાં અઘોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ તેમને અનેકવાર અનુભવવાં પડે છે. વડનાં બીજની પેરે તેમના દુઃખની પરંપરા વધતીજ જાય છે. તેવી નિરાધાર સ્થિતિમાં તેમને કોઇ પણ ત્રાણ શરણ કે આધારભૂત થતુંજ નથી. શાસ્ત્રકારે યુક્ત કહ્યું છે કે—

धर्मेणाधिगतैश्वर्यो, धर्ममेव निहंति यः ।
कथं शुभायतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥

"ધર્મ વડેજ મોટાઇ પામ્યા છતાં, ધર્મવડેજ પૂજાપ્રતિષ્ઠા, માનમરતબો પામ્યા છતાં અને ધર્મવડેજ વિવિધ ઋદ્ધિસિદ્ધિ સાંપડ્યા છતાં જે મૂઢમતિ ધર્મનોજ અનાદર કરે છે તેવા પાપી સ્વામીદ્રોહીનું શ્રેય શી રીતે થઇ શકે વારૂ?" કૃતજ્ઞ માણસે તો ઉપગારીનો ઉપગાર એક ક્ષણ પણ નહિ વિસારતાં તે ઉપગારીનો બની શકે તેટલો બદલો વાળવા એક ક્ષણ પણ પ્રમાદ કરવો ઘટે નહિ. છેવટ સ્વઉપગારીની આજ્ઞાનું સારી રીતે પ્રતિપાલન કરીને પણ પોતે કૃતાર્થ થવું જોઇએ. કોઇ રીતે સ્વઉપગારીથી વિરૂદ્ધ વર્તન કરી કૃતઘ્નતાનું કલંક તો વહન નજ કરવું જોઇએ; છતાં જે તેવાજ વિરૂદ્ધ વર્તનથી કૃતઘ્ન થાય છે તે અધમ જીવોનો કદાપિ પણ ઉદ્ધાર થવો સંભવતો નથી. તેઓને તેવાં પાપાચરણથી કદાપિ સમાધિ થઇ શકતી નથી-તેઓ તો કેવળ અધોગતિનાજ અધિકારી હોવાથી જ્યાં ત્યાં જ્યારે ત્યારે અસમાધિનેજ પ્રાપ્ત કરે છે. આવા દૂષિત જનો અન્ય લોકોના અહિતમાંજ વધારો કરે છે. પોતેજ અસમાધિગ્રસ્ત છતાં અન્યને સમાધિભૂત શીરીતે થઇ શકે? "**स्वयं दरिद्रः अन्यं ईश्वरी कर्तुं कथं ईश्वरः**" પોતેજ નિર્ધન છતો અન્યને ધનાઢ્ય કરવાને શી રીતે સમર્થ થાય? આ પ્રમાણે સ્વપરનું હિત કરવાને બદલે અહિતજ કરનાર પામર પ્રાણીની સંસારસંતતિ વધતીજ જાય તેમાં આશ્ચર્ય શું! આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાયા વિના અને પોતાનું ખરૂં કર્તવ્ય જાણ્યા વિના જીવને ભવભવમાં ભટકવું પડે છે. માટે શાસ્ત્રકાર પોતાનું શુદ્ધ સ્વરૂપ જણાવતા સતા આ પ્રાણી પોતાનું શુદ્ધ સ્વરૂપ કેમ જાણી શકતો નથી, તેનું કારણ કહે છે–

निर्मलं स्फटिकस्येव, सहजं रूपमात्मनः ।
अध्यस्तोपाधिसंबंधो, जडस्तत्र विमुह्यति ॥ ६ ॥

ભાવાર્થ—આત્માનું સહજ–સ્વાભાવિક સ્વરૂપ તો સ્ફટિક રત્નની જેવું નિર્મલજ છે, છતાં તેને લાગેલા ઉપાધિ સંબંધવડે કરીને જડ–અવિવેકી જન તેમાં મુંઝાઇ જાય છે.

વિવરણ—શુદ્ધ સ્ફટિક રત્ન જેવું નિર્મળ હોય છે, તેવુંજ નિર્મળ આત્માનું સહજ સ્વરૂપ છે. તેવા શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપમાં કંઇપણ ઉપાધિ સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવતીજ નથી. આત્માના એવા શુદ્ધ સ્વરૂપને સાતિશય જ્ઞાની પુરૂષો સાક્ષાત્ અનુભવે છે—જુએ છે; પરંતુ કર્મરૂપ ઉપાધિસંબંધ લાગેલો છે જેમને એવા જડ લોકો તેવા શુદ્ધ સ્વરૂપમાં મુંઝાય છે. આત્માના શુદ્ધ નિરૂપાધિક સ્વરૂપની તે યથાર્થ પ્રતીતિ યા અનુભવ કરી શકતા નથી; જેથી જડ લોકો મુંઝાય છે, તે કર્મરૂપ ઉપાધિવડેજ મુંઝાય છે. રાગદ્વેષ અથવા ક્રોધાદિક કષાયને જ્ઞાની પુરૂષો **ભાવકર્મ** કહે છે, અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, આયુ, ગોત્ર અને અંતરાય એ આઠેને પૂર્વોક્ત રાગાદિકની ઉત્પત્તિનાં અથવા વૃદ્ધિનાં કારણ હોવાથી **દ્રવ્યકર્મ** કહે છે. નિશ્ચયનયથી જોતાં તો શુદ્ધ સ્વરૂપમાં એવી ઉપાધિ સંભવતીજ નથી; પરંતુ વ્યવહારનયથી સાંસારિક અવસ્થામાં તેવી ઉપાધિ પણ હોવી ઘટે છે. નિશ્ચય નયથી તો આત્માનું સ્વરૂપ સહજ નિરૂપાધિકજ છે; પરંતુ વ્યવહારનયથી એવો ઉપાધિસંબંધ જીવને અનાદિ કાળનો હોવો ઘટે છે તેવો ઉપાધિસંબંધ ઓછો કરવાને અને અનુક્રમે શુદ્ધ નિરૂપાધિક સ્વરૂપ પ્રગટ કરવાને યાને પ્રાપ્ત કરવાને પ્રબળ પુરૂષાર્થની જરૂર છે. જેમ જેમ ભવ્ય આત્મા આપ્ત વચન અનુસારે સહજ નિરૂપાધિક સ્વરૂપને સાધવા અનુકૂળ સાધનનું સેવન કરતો જાય છે, તેમ તેમ સ્વપુરૂષાર્થના પ્રમાણમાં પૂર્વોક્ત ઉપાધિસંબંધને ઓછો કરીને અનુક્રમે શુદ્ધ નિરૂપાધિક સ્વરૂપને સિદ્ધ કરવાને તે સમર્થ થાય છે. શ્રીમદ્ યશોવિજયજી મહારાજ પોતેજ ઉક્ત બાબતનું આ પ્રમાણે અન્ય સ્થળે સમર્થન કરે છે—

જેમ નિર્મળતારે રતન સ્ફટિક તણી, તેમ જે જીવ સ્વભાવ;
તે જિન વીરેરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ. શ્રી સીમંધર૦
જેમ તે રાતે ફૂલે રાતડું, શ્યામ ફૂલથીરે શ્યામ;
પુણ્ય પાપથીરે તેમ જગ જીવને, રાગદ્વેષ પરિણામ. શ્રી સીમંધર૦
ધર્મ નવિ કહિયેરે નિશ્ચે તેહને, જેહ વિભાવ વડ વ્યાધિ;
પહેલે અંગેરે એણીપેરે ભાખિયું, કર્મે હોય ઉપાધિ. શ્રી સીમંધર૦
જે જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે જાણોરે ધર્મ;
સમ્યગ્ દૃષ્ટિરે ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ. શ્રી સીમંધર૦
એમ જાણીનેરે જ્ઞાન દશા ભજી, રહિયે આપ સ્વરૂપ;
પર પરિણતિથીરે ધર્મ ન છાંડિયે, નવિ પડિયે ભવકૂપ. શ્રી સીમંધર૦

શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે કરેલા સમર્થનનો પરમાર્થ એવો છે કે શ્રીવીરપરમાત્માએ આત્માનો જે શુદ્ધ સ્વભાવ સ્ફટિક રત્નની જેવો નિર્મળ કહ્યો છે તે રાગદ્વેષ યાને કષાયરૂપ કલંકથી સર્વથા રહિત હોવાથી કેવળ નિષ્કષાયતારૂપ છે. આત્માના સહજ નિરૂપાધિક સ્વભાવમાં લેશમાત્ર કષાયનો સંભવજ નથી. જ્યાંસુધી રાગદ્વેષ યાને કષાયનું કંઈ પણ અસ્તિત્વ હોય ત્યાંસુધી તે આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માનું શુદ્ધ નિરૂપાધિક સ્વરૂપ હોવું ઘટે નહિં. જ્યારે રાગદ્વેષ અથવા કષાય માત્રનો અત્યંતાભાવ થાય, તેમનો સર્વથા લોપ થયાથી કદાપિ પ્રાદુર્ભાવ થાયજ નહિં, ત્યારેજ તે આત્માનું શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપ પ્રગટ્યું કહી શકાય.

જેમ શુદ્ધ એવા સ્ફટિક રત્નની ઉપર રાતું ફૂલ મૂકવામાં આવે, તો તે આખું રત્ન રાતુંજ દેખાય છે, અને કાળું ફૂલ મુકવામાં આવે તો તે સઘળું કાળુંજ દેખાય છે, તેમ નિશ્ચયથી શુદ્ધ એવા આત્માને પણ શુભાશુભ કર્મયોગે રાગદ્વેષનો પરિણામ હોવો ઘટે છે, એટલે કે શુભાશુભ કર્મ એ આત્માને કલંકરૂપ છે, તેથીજ આત્માને રાગદ્વેષમય પરિણામ સંભવે છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતીજ નથી. જીવ જે ક્ષણમાં રાતો અને ક્ષણમાં તાતો થાય છે તે તેણે પોતેજ કરેલાં કર્મના યોગેજ. કર્મ કલંકનો સર્વથા અભાવ થયે છતે તો રાગદ્વેષ યા કષાયનો પ્રાદુર્ભાવ હોઇ શકેજ નહિં. જ્યાંસુધી કર્મકલંકના સદ્‌ભાવે રાગદ્વેષ યા કષાયનો કંઈ પણ સદ્‌ભાવ હોય ત્યાંસુધી શુદ્ધ નિશ્ચયનયથી આત્મા શુદ્ધ ધર્મી કહેવાયજ નહિં. કેમકે કર્મ તો આત્માને કલંકરૂપ છે, અને શુદ્ધ આત્મામાં તો તેવું કલંક સર્વથા હોવું ઘટેજ નહિં. કર્મથીજ વિભાવ-પ્રવૃત્તિરૂપ ઉપાધિ સંભવે છે, અને આત્માના શુદ્ધ સ્વરૂપમાં એવી ઉપાધિનો સર્વથા અભાવજ હોવો ઘટે છે. એમ સમજીને મુમુક્ષુ જનોએ પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવાને પૂર્વોક્ત કર્મકલંકનો નાશ કરવાને કટિબદ્ધ થવાની જરૂર છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનું યથાવિધિ આરાધન કરવું એજ આત્માનું સહજ સ્વરૂપ પ્રગટ કરવાનો અમોઘ ઉપાય છે. જ્યાંસુધી જીવ પ્રમાદને વશ થઇ ઉક્ત ઉપાયને અવલંબવા વિલંબ કરે છે, ત્યાંસુધી તે પોતાના સહજ સ્વભાવના સાક્ષાત્ અનુભવથી બેનસીબ રહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના અભાવે જીવ અનાદિ મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિના યોગે નાના પ્રકારના કર્મકલંકથી કલંકિત થઈ રાગદ્વેષ યાને કષાયના પરિણામને ધારણ કરે છે. આ પ્રમાણે રાગદ્વેષ અથવા કષાયના પરિણામથીજ જીવ ભવભ્રમણ કરે છે. ઉક્ત ઉપાધિના અભાવે આત્માનું સહજ સ્વરૂપ તત્કાળ પ્રગટ થાય છે, તેવી નિરૂપાધિક દશામાં આત્મા પરમ શાંતિને સાક્ષાત્ અનુભવે છે. વળી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયા બાદ નિર્મળ કાંચનની પેરે તેને કંઈ પણ વિકાર સંભવતોજ નથી, તેથી તે શુદ્ધાત્મા જન્મ મરણાદિકથી સર્વથા મુક્ત થઇ નિરંતર પૂર્ણાનંદમાંજ નિમગ્ન રહે છે. આથી સહિજે સમજી શકાશે કે આત્મા જેટલે જેટલે અંશે સમ્યગ્ દર્શનાદિકનું યથાવિધિ આરાધન કરવા ઉજમાળ થશે, તેટલે તેટલે અંશે પૂર્વોક્ત કર્મઉપાધિથી મુક્ત થઈ નિરૂપાધિકપણાને પ્રાપ્ત થતો જશે. આવી સાધક દશા જીવને ચોથા ગુણઠાણાથી માંડીને ચૌદમા ગુણઠાણા સુધી સંભવે છે. અંતે સર્વ કર્મઉપાધિથી સર્વથા મુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ આત્મા અજરામરપદને પ્રાપ્ત થાય છે. આવું એકાંત નિરૂપાધિક સુખ સર્વ સિદ્ધ પરમાત્મા સાક્ષાત્ અનુભવી રહ્યા છે. સિદ્ધ ભગવાન્‌ના સુખનો કદાપિ અંત નથી, એમ સમજી અનાદિ વિભાવપરિણતિને એકાંત દુઃખદાયી જાણી એકાંત સુખદાયી સ્વભાવપરિણતિને સાધવા સદ્વિવેક ધારવો અવશ્યનો છે, એમ ઉપરલા સમર્થનનો પરમાર્થ વિચારતાં સ્પષ્ટ માલમ પડે છે. સદ્વિવેકી જનોને સદ્વર્તન યોગે શીઘ્ર સહજ સુખની પ્રાપ્તિ થઇ શકે છે. આવા નિરૂપાધિક સુખને મોહના વિલયથી સાક્ષાત્ અનુભવતા છતાં જ્ઞાની પુરૂષો તેવા સત્ય સુખના અજાણ-અનનુભવી જનોને તે સંબંધી કહેતાં સહેજે સંકોચાય છે, એમ શાસ્ત્રકાર જણાવે છે—

अनारोपसुखं मोह–त्यागादनुभवन्नपि ।
आरोपप्रियलोकेषु, वक्तुमाश्चर्यवान् भवेत् ॥ ७ ॥

ભાવાર્થ—મોહના ત્યાગથી સહજ સ્વભાવિક સુખને સાક્ષાત્ અનુભવતા છતાં, જ્ઞાની પુરૂષ ખોટા સુખમાં રાચવાવાળા અજ્ઞાની જીવની પાસે તે સંબંધી વાત કહેતાં ચકિત થઇ જાય છે.

વિવરણ—જ્યારે જીવ સદ્વિવેકયોગે મોહનો ત્યાગ કરે છે, અને પૂર્વે અવિવેક યોગે મિથ્યાભિમાનથી 'અહંતા અને મમતા' વડે પોષવામાં આવેલા મોહને 'नाहं न मम' એવા પ્રતિમંત્રવડે જીતી લે છે ત્યારે તેને આત્માના સહજ સુખનો સાક્ષાત્ લાભ મળે છે, સ્વાભાવિક સુખનો તેને સાક્ષાત્ અનુભવ થયા કરે છે છતાં તેવું સુખ અન્ય અનનુભવી-અનધિકારી જનોની પાસે વર્ણવતાં તે સહેજે સંકોચાય છે. કેમકે જે જીવો મોહને વિવશ થઈ ખોટાં કલ્પિત સુખમાંજ રાચે છે તેમને આ સાચા સ્વાભાવિક સુખનો ખ્યાલ પણ આવી શકતો નથી, તેથી તેવાં સ્વાભાવિક સુખનું વર્ણન આવા અનધિકારીની પાસે કરવું તે તદ્દન નિષ્ફળપ્રાય થાય છે. રૂચિ વિના પ્રીતિ નથીજ, એ ન્યાયથી કલ્પિત સુખમાંજ અહોનિશ રાચવા માચવા વડે સહજ સ્વાભાવિક સુખમાં અરૂચિવાળા એવા મોહાતુર જીવોને સત્ય સુખમાં રૂચિ વિના પ્રીતિ શી રીતે જાગે? સત્ય સ્વાભાવિક સુખમાં શ્રદ્ધા વિના ખોટાં વિભાવિક સુખને તજી સહજ સુખને માટે સચોટ લાગણી શી રીતે પ્રગટે? અને જ્યાંસુધી કલ્પિત સુખને ખોટાં લેખી-માની તજવામાં ન આવે ત્યાંસુધી સત્ય સ્વાભાવિક સુખની પ્રવૃત્તિદ્વારા પ્રાપ્તિ પણ શી રીતે થઈ શકે? આવી રીતે આંધળા આગળ આરસી ધરવા મુજબ અથવા બહેરા આગળ ગાન કરવા મુજબ આવા અનધિકારી-અયોગ્ય જીવોની પાસે સત્ય સ્વાભાવિક સુખનું વર્ણન કરવાથી શો લાભ થઈ શકવાનો? એમ સમજી મોહના ક્ષયોપશમથી તેવા સ્વાભાવિક સુખને સાક્ષાત્ અનુભવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા છતાં મુમુક્ષુ જનો મોહવિકળ જીવોની પાસે એવા સહજ સુખનું વર્ણન કરવું ગુનાસિબ ગણતા નથી. મોહાતુર જીવો આવા વિરક્ત મુમુક્ષુઓને ગાંડા પણ લેખે છે, પરંતુ મુમુક્ષુ જનો તેની થોડીજ દરકાર કરે છે. તેઓ તો પોતાનું કર્તવ્ય નિર્ભયપણે કર્યેજ જાય છે. યતઃ--

"જગ જાણે ઉનમત્ત ઓ, ઓ જાણે જગ અંધ;
જ્ઞાનીકું જગમાં રહ્યો, યું નહિ કોઇ સમ્બંધ." પુનઃ—
"વ્યવહારે વ્યવહારશું, નિશ્ચયમેં થિર થંભ;"

ઇત્યાદિ વચનથી જ્ઞાની–વિવેકી જનો ખોટી લોકલાજ તજી સ્વકર્તવ્ય કર્મમાં તત્પર રહે છે. તેમના લોકોત્તર વર્તનથી શુદ્ધ વ્યવહારને પુષ્ટિ મળે છે. શુદ્ધ સાધ્ય દૃષ્ટિથીજ તેઓ સર્વત્ર જાગૃત રહે છે. અન્ય આત્માર્થી જનો તેમના સદ્વર્તનનું અનુમોદન કરે છે. ફક્ત પુદ્ગલાનંદી યા ભવાભિનંદી જીવોજ તેની હાંસી કરે છે, અથવા તો જેને જે પ્રિય હોય છે તેનીજ તે પ્રશંસા કરે છે. યતઃ-

"જન જનકી રૂચિ ભિન્ન હે, ભોજન કૂર કપૂર;
ભોગવંતકું જો રૂચે, [1]કરભ કરે સો દૂર.
કરભ હસે નૃપ ભોગકું, હસે કરભકું ભૂપ;
ઉદાસીનતા બિનુ નહિ, દોનોકું રતિ રૂપ."

આ પ્રમાણે પરવસ્તુમાંજ રાચવા માચવાવાળા મોહાંધ જીવોની પાસે વસ્તુ સ્વરૂપનું નિરૂપણ કરતાં જ્ઞાની પુરૂષને કયાંથી ઉત્સાહ વધે ? તથાપિ 'ચારિ સંજીવિની ચાર' ના ન્યાયે અનુકંપાબુદ્ધિથી શાસ્ત્રકારે આ બાબતનું તટસ્થપણે વર્ણન કર્યું છે. 'ચારિ સંજીવની ચાર' નો હેતુ એ છે કે તે વડે કોઇ જીવને કથંચિત્ સ્વરૂપપ્રાપ્તિ થઇ જાય. તેનું દૃષ્ટાંત આવી રીતે છે. કોઇ એક પુરૂષને બે સ્ત્રીયો હતી. તેમાંથી એક દુરાચારી સ્ત્રીએ પોતાના પતિને કોઇક વશીકરણાદિ મંત્રયોગવડે બેલ બનાવી દીધો, તે જોઇને બીજી પતિવ્રતા સ્ત્રી સ્વપતિને મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરાવવાને ચિંતાતુર થઇ સતી તે બેલને પ્રતિદિન બહાર ચરાવવાને લઇ જતી હતી. એકદા કોઇક વૃક્ષ નીચે બેઠી સતી તે બેલને કંઇક દૂર ચારો ચરાવતાં તેણે વૃક્ષ ઉપર કોઇક બે વિહંગમોનો સંવાદ સાંભળ્યો. તેમાં તે બેલનું મૂળ સ્વરૂપ પ્રગટાવવાનો એવો ઉપાય બતાવેલો સાંભળ્યો કે આ વૃક્ષની નીચે ઉગેલી અમુક ઔષધીના પ્રભાવે તે પશુ ફીટી માનવરૂપને પામી શકે. આ ઉપાયને સાંભળી તેણે તત્કાળ વૃક્ષ નીચેનો ચારો એકઠો કરીને બેલને નાંખ્યો, તેનું ચર્વણ કરતાંજ તે બેલ પોતાના મૂળ માનવી રૂપને પામ્યો. આનું નામ 'ચારિ સંજીવની ચાર' એટલા માટે

[1] ઉંટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખવામાં આવ્યું છે કે ઉક્ત ઔષધી અમુકજ છે. એમ ચોક્કસ નહિ જાણતાં છતાં તે વૃક્ષ નીચેની વનસ્પતિમાં તો તે નિશ્ચે છેજ, એમ જાણીને તે સર્વને સંગ્રહી તેનો ઉપયોગ કરતાં પોતાના અભીષ્ટની સિદ્ધિ થઇ. તેમ શાસ્ત્રકાર પણ ભવ્ય પ્રાણીઓના એકાંત હિતની ખાતર સર્વજ્ઞકથિત વચનાનુસારે વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરે છે, જેથી કોઈ જીવનું કથંચિત્ હિત થઇ શકે. શાસ્ત્રોક્ત સ્વરૂપનું મધ્યસ્થપણે પરિશીલન કરતાં ભવ્ય આત્માનું અવશ્ય હિત થઇ શકે. જ્યારે આત્મા સ્વસ્વરૂપને યથાર્થ રીતે ઓળખે છે ત્યારે તે નકામી નિરૂપયોગી બાબતમાં મુંઝાઇ રહેતો નથી; પરંતુ સ્વરૂપપ્રાપ્તિને માટે સારી રીતે ઉદ્યમ કરે છે, અને અનુક્રમે પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે તે વાત શાસ્ત્રકાર બતાવે છે,

यश्चिद्दर्पणविन्यस्त–समस्ताचारचारुधीः ।
क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ॥ ८ ॥

ભાવાર્થ—જેણે સમ્યગ્ જ્ઞાનરૂપી આરિસાવડે સમસ્ત સદાચાર સંબંધી સદ્વિવેક ધાર્યો છે, જેના નિર્મળ જ્ઞાનરૂપી આદર્શમાં સકળ સદાચાર સંબંધી સદ્વિચાર સંચર્યો છે, જેને નિર્મળ બોધવડે કોઈ પણ સદાચારમાં અરૂચિ રહી નથી, સકળ સદાચારમાં જેને રૂચિ અને પ્રીતિ જાગી છે એવા સદ્વિવેકી જનો નિરૂપયોગી એવી પરવસ્તુમાં કેમ કરી મુંઝાય ? અર્થાત્ નકામી બાબતમાં મુંઝાઇ રહેવાનું તેને કંઇ પણ પ્રયોજન નથી.

વિવરણ—જેને સદ્ગુરૂકૃપાથી શાસ્ત્રશ્રવણાદિક દ્વારા નિર્મળ શ્રદ્ધાન અને નિર્મળ બોધ થયાથી ઉત્તમ આચાર વિચારજ પ્રિય થઇ પડ્યા છે તેવા સદ્વિવેકી જનો પરપુદ્ગલિક વસ્તુમાં મિથ્યા મુંઝાઇ જતા નથી. સમ્યગ્ શ્રદ્ધા યુક્ત નિર્મળ બોધવડે જેણે પોતાનું મૂળ સ્વરૂપ પિછાન્યું છે, અને પોતાનું સહજ સ્વરૂપ પ્રગટ કરવાને સર્વજ્ઞ ભગવાને કહેલા સર્વ સદાચારને જાણી બુઝીને તેમાં રૂચિ તથા પ્રીતિ જગાડી છે એવા મુમુક્ષુ જનો નકામી વાતમાં કેમ મુંઝાય? આત્માર્થી જનો સહેજે અહિતકારી વસ્તુની ઉપેક્ષા કરી સ્વહિતકારી વાતનોજ સદા સ્વીકાર કર્યા કરે છે. ' यथाशक्ति यतनीयं शुभे ' એ સિદ્ધાંતને અનુસરીને સ્વશક્તિને ગોપવ્યા વિના હિતકારી સાધનુંજ તે યથાશક્તિ સેવન કર્યા કરે છે. બની શકે તેમ પ્રમાદ રહિત પરમાર્થ પંથનું પોતે સેવન કરે છે; તેમ કરવામાં અન્યને યથાશક્તિ સહાયભૂત થાય છે, અને સદાચારરસિક જનોની સ્પષ્ટ રીતે અનુમોદના–પ્રશંસા કરે છે. સર્વજ્ઞ વચનાનુસાર ગમે તેમાં રહેલો સદ્ગુણ અનુમોદવા યોગ્યજ છે એમ જાણીને તેવા–ગુણગુણીની પ્રતીતિ થતાંજ તે મનમાં પ્રમુદિત થાય છે. હંસની ચાલે ચાલનારા આવા સદ્વિવેકી જનો શું અનર્થકારી બાબતમાં કદાપિ મુંઝાય ? અહિંસા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મય ઉત્તમ વર્તન મૂકીને શું તે કદાપિ હિંસામય કુકૃત્યનો સ્વીકાર કરે? જેણે ક્ષીર સમુદ્રનાં જળ પીધાં હોય તેને ખારાં જળ રૂચેજ કેમ ? પોતાને પણ પ્રિય અને હિતકારી સત્યનો અનાદર કરીને તે અપ્રિય અને અહિતકારી એવાં અસત્ય વચનને કેમ ઉચ્ચરશે ? અમૂલ્ય પ્રમાણિકતા યાને ન્યાયવૃત્તિને તજી અપ્રમાણિકતા અથવા અન્યાયવૃત્તિને કેમ આદરશે? પામર લોકોએ પ્રાણની જેવા લેખેલા પરદ્રવ્યનું તે કેમ હરણ કરશે? ઉભય લોક હિતકારી સુશીલતાને તજી ઉભય લોક વિરૂદ્ધ કુશીલતા–કામક્રીડાને કેમ આદરશે? ઉત્તમ એવી અસંગતા યા નિસ્પૃહતાનો અનાદર કરી અધમ સસ્પૃહતાનો તે કેમ સ્વીકાર કરશે? અમૃત જેવી અસંગતા તજી ઝેર જેવી પર સ્પૃહાને કેમ આદરશે ? સર્વ શાંતિદાયક સમતા રસનો ત્યાગ કરીને ત્રિવિધ તાપકારી ક્રોધાગ્નિનો કેમ સ્વીકાર કરશે ? સર્વ સુખદાયી નમ્રતાને તજી દુઃખદાયી માનને કેમ આદરશે ? સકળ સિદ્ધિને દેનારી સરળતાને તજીને દુરંત દંભનું કેમ સેવન કરશે? પરમ સુખદાયી સંતોષને તજી અનર્થકારી લોભનો કેમ આદર કરશે? એકાંત હિતકારી મધ્યસ્થતા તજીને સંકલેશકારી રાગ અને દ્વેષને કેમ ભજશે ? વળી નિવૃત્તિજ પ્રિય હોવાથી દુઃખદાયક પ્રવૃત્તિનો કેમ આદર કરશે? ભવભીરૂપણાથી કોઇની સાથે કલેશ કરવો, કોઇની ઉપર આળ ચઢાવવાં, પારકી ચાડી ખાવી, કલ્પિત સુખદુઃખમાં પણ હર્ષ કે ખેદ કરવો, પારકી નિંદા કરી આપવડાઇ કરવી, કહેવું કંઇ અને કરવું કંઇ એવી દંભવૃત્તિ ભજવી અને કદાગ્રહાદિકને ધારણ કરીને ઉન્માર્ગે ચાલવું એવી અનિષ્ટ પ્રવૃત્તિ તેને સ્વભાવિક રીતે રૂચિકર હોયજ નહિ, તેથી સ્વપર હિતમાર્ગને તજી તેવા એકાંત અહિતકારી માર્ગનું સેવન શી રીતે કરે ? માટે શાસ્ત્રકારે સુક્તજ કહ્યું છે કે સ્વ સ્વરૂપના જાણ અને સ્વ સ્વરૂપની પ્રાપ્તિ માટે પ્રમાદ રહિત શુદ્ધ નિષ્ઠાથી સદ્વર્તન સેવનાર મુમુક્ષુ જનો આ સંસારની કલ્પિત મોહમાયામાં મુંઝાયજ નહિ.

મોહનું કિંચિત્ સ્વરૂપ આ અષ્ટકમાંજ બતાવવામાં આવ્યું છે. સર્વ કર્મમાં તેનીજ પ્રધાનતા છે. તેનો સંબંધ જીવને અનાદિનો છે. તે અજ્ઞાની જીવને અનેક પ્રકારે છળે છે, અને જ્ઞાની પુરૂષનું છળ જોઇને તો ભારે ખુશી થાય છે. જો મોહનું સ્વરૂપ સારીરીતે જાણી લેવામાં આવે અને નિર્મોહી ભગવાને કથેલા ઉપાય મુજબ તેનો જય કરવામાં આવે તોજ આત્માની મુક્તિ થઇ શકે તેમ છે. નહિ તો કોટિ ઉપાય કરતાં પણ આપમતિથી વર્તતાં કલ્યાણ થવાનું નથી. સમ્યગ્જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એજ મોહને હણવાનો અમોઘ ઉપાય છે. સમ્યગ્જ્ઞાનવડે સ્વપરની યથાર્થ પિછાન કરીને સ્વવસ્તુ માત્રનો સ્વીકાર અને પરવસ્તુ માત્રની ઉપેક્ષા કરવાથીજ મોહનો વિલય થઇ શકશે. આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણમાંજ અહોનીશ રમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુ કરવું અને સાંસારિક મોહમાયાથી બિલકુલ ઉદાસીન રહેવું એજ અક્ષય અજરામર પદ પામવાનો ઉત્તમ ઉપાય શાસ્ત્રકારે બતાવ્યો છે. મોહને લઈને જીવને નાના પ્રકારની દ્રશ્ય વસ્તુમાં મુંઝાઈ જવાનું બને છે. મૂઢદ્રષ્ટિથી જીવ જે જે વસ્તુ જુએ છે તેમાં ખોટી સગતાથી બંધાઈ જાય છે. ' હું અને મારૂં ' એવા મિથ્યાભિમાનથી પરવસ્તુને પોતાની માની લઈ અનિત્ય અને અશુચિ વસ્તુને નિત્ય અને પવિત્ર માની લઈ તેમાં મિથ્યા મમત્વ ધારીને જીવ પોતાનીજ મૂર્ખાઈથી મુંઝાઈ મરે છે. જ્ઞાની વિવેકી જનો તો શુદ્ધ આત્મદ્રવ્ય અને શુદ્ધ જ્ઞાનાદિ ગુણ વિના બીજી કોઈપણ પરવસ્તુમાં મમત્વ રાખતાજ નથી. તેથીજ તેઓ વ્યવહાર કરણી કરતાં છતાં કમળની પેરે નિર્લેપ રહી શકે છે. મૂઢદ્રષ્ટિ જીવને જે જે કર્મબંધના કારણ થાય છે, તે તે સર્વ તત્ત્વદ્રષ્ટિ જીવને કર્મનિર્જરાનાં કારણ થાય છે. પરિણામે મૂઢદ્રષ્ટિ જીવને સંસારચક્રમાં ચિહું દિશે રૂળવું પડે છે ત્યારે તત્ત્વદ્રષ્ટિ જીવની સહેજમાં મુક્તિ થાય છે. મૂઢદ્રષ્ટિ જીવોજ વિવિધ વિષયને વશ થઈ પતંગ, ભૃંગ, મચ્છ, હરિણ અને હાથીની પેરે પ્રાણાંત દુઃખને પામે છે, ત્યારે તત્ત્વદ્રષ્ટિ જીવો તેવા વિષયપાશથી સહેજે બચી જાય છે. મૂઢદ્રષ્ટિ જીવોજ ક્રોધાદિક કષાયને વશ થઈ પોતાના તથા પરના આત્માને નાહક સંતપ્ત કરે છે. ત્યારે તત્ત્વદ્રષ્ટિ જીવો ગમે તેવા વિષમ સંયોગોમાં પણ ક્ષમાદિકને ધારણ કરી સ્વપરને શાંતિજ ઉપજાવે છે. મૂઢદ્રષ્ટિ જનોજ વિવેકરહિત મુત્કલ વૃત્તિને ભજે છે ત્યારે તત્ત્વદ્રષ્ટિ તો વિવેકપૂર્વક સદ્વર્તનનેજ સેવે છે. મૂઢદ્રષ્ટિ જનો પોતાના તુચ્છ સ્વાર્થની ખાતર બુદ્ધિનો ગેરઉપયોગ કરે છે, ત્યારે તત્ત્વદ્રષ્ટિ જનો તેનો ગને તેટલો સદુપયોગજ કરે છે. મૂઢદ્રષ્ટિ જનો પશુની પેરે પોતાના પુદ્‌ગલનેજ પોષવામાં તત્પર રહે છે, ત્યારે તત્ત્વદ્રષ્ટિ જનો ક્ષણભંગુર પુદ્‌ગલમાંથી બની શકે તેટલા વિવેકથી સાર ખેંચવાનેજ તત્પર રહે છે. માટીમાંથી સોનું શોધી લેવાની પેરે તત્ત્વદ્રષ્ટિ જનો આ ક્ષણિક દેહમાંથી સત્ત્વ ખેંચી લઈ સદ્વર્તન સેવવા સાવધાન રહે છે. મૂઢદ્રષ્ટિ જનો જડ વસ્તુમાં મૂર્છા રાખી પોતાનું કે પરનું હિત સાધી શકતાજ નથી ત્યારે તત્ત્વદ્રષ્ટિ જનો અતત્ત્વદ્રષ્ટિની પેરે પરવસ્તુ ઉપર આસક્તિ નહિ કરતાં તેનો પરમાર્થે હાવેજ ઉપયોગ કરવા ચાહે છે. મૂઢદ્રષ્ટિ જનો છતી જીભે અવસર ઉચિત મિષ્ટ ભાષણ પણ કરી શકતા નથી, ત્યારે તત્ત્વદ્રષ્ટિ જીવો સહુને પ્રિય અને હિતકારી વચનજ વાપરી જીભને સાર્થક કરે છે. એવી રીતે મોહ દૂર થયાથી તત્ત્વદ્રષ્ટિ જનો પ્રાપ્ત સામગ્રીનો સદુપયોગ કરવાનેજ ચીવટ રાખે છે. સહુ કોઈ ભવ્ય જનોને એવીજ સદ્દ્રષ્ટિ યા તત્ત્વદ્રષ્ટિ સદા પ્રાપ્ત થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्ञानिभ्यो नमः

# षड्दर्शनवेत्ता श्रीमान् हरिभद्रसूरि.

## ( એક સંક્ષિપ્ત ચરિત્ર. )

( પ્ર–મનસુખ વિ. કીરતચંદ મહેતા–મોરબી. )

आग्रही बत निनिषति युक्तिं ।
तत्र यत्र तस्य मतिर्निविष्टा ॥
निष्पक्षपातस्य तु युक्तिर्यत्र ।
तत्र तस्य मतिरेति निवेशम् ॥

હરિભદ્રની શૈલી; વીતરાગ માર્ગની કુંચી; સત્ય સત્યની ખાતર સત્ય.

" મતાગ્રહી જીવ મતિના અભિનિવેશ ભણી યુક્તિને ખેંચે છે, ત્યારે મતાગ્રહ રહિત નિષ્પક્ષપાતી મતિને યુક્તિ ભણી ખેંચે છે." આવું એક જ્ઞાનગર્ભિત વાકય શ્રીમાન્ હરિભદ્રસૂરિ પ્રકાશે છે. એ કથનનો એવો આશય છે કે મતાગ્રહી–પક્ષપાતી **પોતે જે માને છે તેને યોગ્ય ગણે છે,** ત્યારે નિષ્પક્ષપાતી મધ્યસ્થ–સત્યશોધક જીવ **જે યોગ્ય છે તેને માને છે.** એ આશયને વિશેષ તાવીએ તો એમાંથી એવું સત્ત્વ નીકળે કે આગ્રહી જીવ અમૂક મતને તે મત પોતાને પ્રિય હોવાથી તેને સત્ય ગણી માને છે; પોતાપણાને લઇને એને સત્ય માને છે, ત્યારે સત્યાગ્રહી સત્યશોધક અમૂક મતને તે સત્ય હોવાથી સત્ય માને છે. મતાગ્રહી એક વસ્તુ પોતાને પ્રિય હોવાથી તેને સત્ય ગણી સત્ય માને છે, ત્યારે સત્યજીજ્ઞાસુ તેને સત્યની ખાતર સત્ય માને છે. **સત્ય સત્યની ખાતર સત્ય છે,** એ અમોઘ પવિત્ર સિદ્ધાંત ઉપર શ્રી વીતરાગકથિત માર્ગ અવલંબી રહ્યો છે, અને એથી એ પવિત્ર માર્ગ ત્રિકાળ વિજયવંત છે. **સત્ય સત્યની ખાતર સત્ય છે; નહિ કે મને પ્રિય છે, અથવા મારૂં છે માટે સત્ય છે.** એ અમોઘ ચાવી જો ધ્યાનમાં હોય તો દૃષ્ટિરાગ, લોકેષણા, લોકસંજ્ઞા, ગાડરિયો પ્રવાહ, દર્શનમોહ એ બધા ઝપાટામાં દૂર થઇ જઇ આત્મા પોતાના સનાતન–અનાદિનિધન સત્ ભણી સહેજે વળે છે, અને સ્વયંપ્રકાશિત થઇ બીજાને પ્રકાશ આપે છે. ભલે કોઇ જીવ જાતિથી જૈન ન હોય પણ જો તેના ધ્યાનમાં આ ચાવી હોય તો તે પવિત્ર જૈનમાર્ગ પામી શકવા યોગ્ય છે, સત્ય વસ્તુ સંપાદન કરી શકવા યોગ્ય છે; ત્યારે કોઇ જાતિથી ભલે જૈન હોય પણ જો તેના લક્ષમાં શ્રી હરિભદ્રસૂરિનું પ્રસ્તુત કથન ન હોય તો તેને સત્ય વસ્તુ સાંપડવામાં મહત્ અંતરાયરૂપ–ઘાતી ડુંગરરૂપ છે.

For Private And Personal Use Only

દૃષ્ટિરાગ, મતાગ્રહ, લોકૈષણા, લોકસંજ્ઞા, વિવેકવિચારની ન્યૂનતા, ગાડરિયો પ્રવાહ, દર્શનમોહ એ આદિ એનાં પ્રબળ કારણ છે. હાલ જૈનધર્મારાધક પંદર લાખ માણસની વસ્તી છતાં તેના પવિત્ર તત્ત્વજ્ઞાનની ઓછાશમાં એ દૃષ્ટિરાગાદિ પ્રધાન કારણો છે. તત્ત્વજ્ઞાનના અંગે, વિવેકવિચારને અંગે, સત્યશોધનને અંગે, વિચારવિકાસના અંગે, જૈનોની આધુનિક દશા—ઉંડા ઉતરી જોતાં કેવળ ખેદરૂપ લાગે છે; સહૃદયોના અંતરમાં અશ્રુ આણે એવી છે. અત્રે શ્રીમાન્ હરિભદ્રસૂરિને અંગે કાંઈ કહેવાનું છે એટલે વર્તમાન જૈનોની એ ખેદરૂપ સ્થિતિનાં કારણો, તથા તે ટળવાના ઉપાય એ આદિરૂપ સવિસ્તર પર્યાલોચના **દૃષ્ટિરાગાદિની પવિત્ર જૈન તત્ત્વજ્ઞાનના પ્રચાર ઉપર અસર અથવા દૃષ્ટિરાગાદિએ પવિત્ર વીતરાગ માર્ગ ઉપર આણેલા અંધકાર** એવા વિષયરૂપે નિરાળી કરશું.

સત્યમાર્ગમાંસ્થિત,દૃષ્ટિરાગ; જૈનોની તત્ત્વજ્ઞાન અંગે ખેદરૂપ દશા, વિચારની ખામી.

શ્રીમદ્ હરિભદ્રસૂરિ જાતે જૈન નહોતા, જૈનકુળમાં જન્મ્યા નહોતા, તેઓ એક બ્રાહ્મણ હતા. વૈદિક આચાર-વિચારમાં, ક્રિયા કાંડમાં ઉછરેલા, વૈદિક સંસ્કારવાળા બ્રાહ્મણ હતા. તેઓ દૃષ્ટિરાગી નહોતા, સત્યના જીજ્ઞાસુ હતા, વૈદિક ધર્મ મારો કુળધર્મ છે માટે સાચો છે, અથવા એ મને પ્રિય છે માટે સાચો છે, એવી વૃત્તિવાળા એ પુરૂષ નહોતા. એઓ સત્યાનુરાગી હતા, અને એથી એઓ પવિત્ર વીતરાગ પ્રવચનને યોગ્ય થયા, એટલુંજ નહિ પણ એ પવિત્ર પંથના અનન્ય ઉપાસક થયા. કષ, છેદ, તાપવડે વીતરાગના અવિરોધી ધર્મરૂપ સુવર્ણની પરીક્ષા કરી તેના ગ્રાહક થયા, ધુરંધર, પ્રમાણિક આચાર્ય થયા, મહાન્ ન્યાયવેત્તા થયા, સૂત્ર સિદ્ધાંતની ટીકાઓના પ્રણેતા થયા, એક એકથી સરસ એવા ૧૪૪૪ પ્રકરણ ગ્રંથો ગુંથ્યા, જે ગ્રંથો અત્યારે પરમ પ્રમાણિક ગણાય છે. જે ગ્રંથોનું સૂત્ર દળ સ્વલ્પ છતાં એવા અનલ્પ આશયગર્ભિત છે કે તેના પર મહાન્ વિસ્તારરૂપ વૃત્તિઓ લખાઈ છે, એ સત્યરાગી પુરૂષનું શાસન દેવીએ સાન્નિધ્ય કર્યું, સત્યતા દેવીએ સાન્નિધ્ય કર્યું, સરસ્વતી દેવીએ સાન્નિધ્ય કર્યું, અને એ પવિત્ર દેવીઓના, આત્માની શાશ્વત ઋદ્ધિઓના, આત્માની અનંત શક્તિના ફળરૂપ પ્રસાદીઓના પ્રસાદથી આ લેખો એઓ ધવલ પત્ર ઉપર આ કાળના આપણ પામર જીવોના ઉપકારાર્થે આળેખી ગયા; એમ કરી સ્વપરહિતરૂપે પોતાનો આયુષ્ય માનવદેહ સાર્થક કરી ગયા. આત્માર્થે માનવદેહ ભોગવી ગયા. આપણે તો આપણો માનવદેહ વૃથા ગુમાવીએ છીએ, પ્રમાદમાં નાખી નાંખીએ છીએ. બીજાનું હિત કરવું તો દૂર રહ્યું, પરંતુ પોતાનું હિત પણ કરવા ભણી દૃષ્ટિ નથી. આજ અવસર્પિણી—ઉતરતો કાળ કે બીજું કાંઇ ?

હરિભદ્રસૂરિ સત્ય વીતરાગ માર્ગ કેમ પામ્યા ? તેઓ દૃષ્ટિરાગી નહોતા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહા ધન્ય છે તે શ્રીમદ્ હરિભદ્રસૂરિ આદિ પવિત્ર પુરૂષોને ! તેઓને પુનઃ પુનઃ નમસ્કાર હો ! શ્રી હરિભદ્રસૂરિ હેમચંદ્રાચાર્ય આદિ **શ્રમણ ભગવાન્ મહાવીર** દેવના ખરા પુનિત પુત્રો હતા. શાસનરાગી પુરૂષો ! પવિત્ર મુનિવરો ! એ ઉજ્જવલ યશના ધણીના પગલે આપણે ચાલવું યોગ્ય છે.

ચરિત્રનાયકનાં જન્મ-કાળ-દેશ.

વર્તમાન શૈલીએ ચરિત્ર આલેખવાનો પ્રચાર પૂર્વે આ દેશમાં પ્રાયઃ નહોતો, તેથી ચરિત્રનાયકનાં જન્મકાળ–દેશ–સંસાર–ગૃહત્યાગાદિથી આપણે કેવળ અજ્ઞાત રહેશું. તેઓ "ચિત્રકુટ (ચિતોડ—મારવાડનું કે વાગડનું?)" ના રહીશ હતા. જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. વિક્રમ સંવત્ છઠ્ઠા સૈકામાં વિદ્યમાન હતા. સં. ૫૮૫ કે ૫૭૫ માં સ્વર્ગસ્થ થયા, આટલી માહીતિ મળી શકે છે. કોઇ કહે છે કે એઓ શ્રી સિદ્ધર્ષિના ગુરૂ હતા. તેમના માટે "**લલિત વિસ્તરા**" શ્રી હરિભદ્રસૂરિએ રચી, જેથી આનંદ અને ઉપકાર પૂર્વક શ્રી સિદ્ધર્ષિ પ્રકાશે છે કેઃ—

नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये ।
मदर्थं निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा ॥

સિદ્ધર્ષિ અને હરિભદ્ર.

"તે પ્રધાનઆચાર્ય શ્રી હરિભદ્રને નમસ્કાર હો કે જેણે **મારા અર્થે લલિત વિસ્તરા** વૃત્તિ રચી." આ ગણત્રીએ બંને સમકાલિન હોવા જોઈએ, પણ તે વાત બંધબેસતી નથી; કેમકે પ્રાયઃ સિદ્ધ થએલ સામાન્ય ગણત્રીએ શ્રી સિદ્ધર્ષિ દશમા સૈકામાં એટલે શ્રી હરિભદ્રસૂરિ પછી ચારસે વરસે થયા, એમ આવે છે. શ્રી સિદ્ધર્ષિ દશમા સૈકામાં થયાં છતાં શ્રી હરિભદ્રસૂરિની "લલિત વિસ્તરા" થી બોધ પામ્યા; એ નિકટ ઉપકારી રૂપે શ્રી હરિભદ્રસૂરિને પોતાના ધર્મગુરૂ ગણ્યા હોય એ બનવા યોગ્ય છે. કેમકે શાસ્ત્રકારો પ્રકાશે છે કે—

" जो जेण सुद्ध धम्मंमि । ठाविओ संजएण गिहिणा वा ॥
सो चेव तस्स जायइ । धम्मगुरु धम्मदाणाओ ॥ १ ॥ "

"ચાહે તો સંયતિ હોય, ચાહે તો ગૃહસ્થી હોય, પણ જેનાથી જે શુદ્ધ ધર્મને વિષે સ્થાપિત થાય (જેનાથી જેને સદ્ધર્મની પ્રાપ્તિ થાય) તે તેનો ધર્મદાનને લઇને ધર્મગુરૂ જાણવો (થાય.)" શાસ્ત્રમાં આવાં ઐતિહાસિક દૃષ્ટાંતો ઘણાંછે.

ધર્મદાતા એ ધર્મગુરૂ.

**ભગવાન્ મહાવીર** દેવના સમવસરણમાં એમ થયાનો અધિકાર આપણે શ્રવણ કર્યો છે. પ્રાતઃસ્મરણીય શ્રી ભરતેસર–બાહુબલી આદિ સત્પુરૂષો અને સન્નારીઓના વર્ગમાં શ્રીમતી **મદનરેખા** (મયણરેહા) નું નામ પણ છે. પ્રસ્તુત વાતને અંગે એ મહાસતીનું ચરિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણને જોવાની છે. શ્રી સિદ્ધર્ષિના દીક્ષાગુરૂ તો શ્રી ગર્ગાચાર્ય હતા. છતાં બારસો વર્ષ પૂર્વે થઇ ગયેલા શ્રી હરિભદ્રાચાર્યને પોતે ધર્મગુરૂ ગણે છે, અને જાણે શ્રી લલિત વિસ્તરા વૃત્તિ પોતાને માટે શ્રી હરિભદ્રસૂરિએ પ્રકાશી હોય એવા ભાવમાં—

" विषं विनिर्धूय कुवासनामयं । व्यचीचरद्यः कृपया मदाशये ॥
अचिंत्यवीर्येण सुवासनासुधां । नमोस्तु तस्मै हरिभद्रसूरये ॥ १ ॥"

એને અહીં નમસ્કાર કરે છે. શું ઉદ્‌ગાર કાઢ્યો ? તો કે " કૃપા કરી કુવાસનારૂપી વિષને કાઢી નાંખી, અચિંત્ય વીર્યવડે મારા હૃદયમાં જેણે સુવાસનારૂપ અમૃત સિંચ્યું તે શ્રી હરિભદ્રસૂરિને નમસ્કાર હો ! " આમ શ્રીમદ્ હરિભદ્રસૂરિ લાંબા કાળ પૂર્વે થયેલા હોવા છતાં ઉપર કહેલ શાસ્ત્રકારોની શૈલી વ્યવહાર–સદ્‌વ્યવહારને લઇને ઘટતું હોવું ઘટે છે. આમ જોતાં શ્રી હરિભદ્રસૂરિ છઠ્ઠા સૈકામાં વિદ્યમાન હોય, અને શ્રી સિદ્ધર્ષિ દશમામાં હોય, એમાં બાધ આવતો નથી. શ્રી સિદ્ધર્ષિની ઉપરી સ્તુતિમાંના " અચિંત્ય વીર્યવડે " એ શબ્દોથી પણ આ કાળાંતર સિદ્ધ થઇ શકે છે. અર્થાત્ " અહો ! એ શ્રી હરિભદ્રસૂરિનું તે કેવું અચિંત્ય વીર્ય ! કેવી કલ્પનામાં ન આવે એવી શક્તિ ! કે આટલાં બધાં વર્ષો પૂર્વે થઇ ગયા, છતાં જાણે હમણાંજ પોતે પ્રગટ થઇ મારા આત્મામાં **સુવાસના અમૃત સિંચે છે ! આ વાત આત્માની–અનંત શક્તિની સાક્ષી પૂરે છે."** ગમે તે દેશ કાળમાં થઇ ગયેલા મહાપુરૂષોનાં ત્રિકરણયોગે ભજન–સ્મરણ–ચિંતનથી આપણું નિઃસંશય કલ્યાણ છે. એ અચિંત્ય શક્તિના ધણી ગમે તે રૂપે આપણને બોધ આપી રહ્યા છે, આપણા ઉપર ઉપકાર કરી રહ્યા છે. શુદ્ધાત્માઓનો એવો નિષ્કારણ કરૂણાળુ સ્વભાવજ છે. બધા ઉપર એઓ એક સરખી રીતે, સમદૃષ્ટિએ ઉપકાર કરી રહ્યા છે. માત્ર આપણી પાત્રતાની ન્યૂનાધિકતાને લઇને આપણા ઉપર થતા ઉપકાર–પરિણામમાં ન્યૂનાધિક્ય જણાય છે. જ્ઞાનીઓના અંગે શ્રી દેવચંદ્રજી પ્રકાશે છે કે—

હરિભદ્ર અને સિદ્ધર્ષિનો અંતરાળ: સત્પુરૂષની સમદષ્ટિ તેની નિષ્કારણ કૃપા; આરાધકને સફળ; વિરાધકને અફળ.

" તુજ કરૂણા સહુ ઉપરેરે,
શરણી છે મહારાય;
પણ અવિરાધક જીવનેરે,
કારણ સફળો થાયરે. શાંતિજિન "

જ્ઞાનીઓની કૃપા તો સદૈવ સર્વ ઉપર એક સરખીજ હોય છે, પણ એ કૃપારૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પી કારણ જે આશયે તેને સફળ ઉપકારી થાય છે, વિરાધે તેને અફળ થાય છે.

"યોગિઓના યોગબળ ઉપર જગત્નું જીવન છે." આવું ડાહ્યા પુરૂષોનું એક આશયભરિત કથન છે, જે કેવળ સત્ય છે. શ્રી હરિભદ્રસૂરિ એક યોગી હતા, અને શ્રી લલિત વિસ્તરારૂપ તેની કૃતિરૂપે, તેમાં રહેલ અચિંત્ય બળે શ્રી સિદ્ધસૂરિ ઉપર ચમત્કારિક અસર કરી શ્રી સિદ્ધસૂરિ સન્માર્ગ પામ્યા; કાળાંતરે પણ પામ્યા. શ્રી હરિભદ્રસૂરિના કાળનિર્ણયની સમાલોચનામાં આ એક વિષયાંતર, પણ ઉપયુક્ત વિષયાંતર થયો.

પૂર્વાવસ્થા.

ઉપર જણાવ્યું છે તેમ શ્રી હરિભદ્રસૂરિ પૂર્વાવસ્થામાં ચિત્રકૂટના એક વિપ્ર હતા. સર્વ લૌકિક વિદ્યાના જાણ હતા; સત્યશોધક હતા. સત્યશોધક વૃત્તિ વિના સર્વ વિદ્યામાં વિશારદ થવું મુશ્કેલ છે. અતુલ વિદ્યાબળી હોવાથી ગર્વ પણ એમને આવી ગયો હતો. અથવા સમ્યગ્દૃષ્ટિ વિના જ્ઞાનાદિનો મદ થઇ જવો એ જીવનો જાણે વિભાવી સ્વભાવજ છે. આથી મને કોણ જીતવા સમર્થ છે? એવો અહંકાર હરિભદ્ર વિપ્ર ધરાવતા. એ અહંકારયોગે એઓએ એવી પ્રતિજ્ઞા પણ કરી હતી કે "જો કોઇ કાંઇ બોલે, અને તેનો અભિપ્રાય હું ન જાણી જાઉં, તો મારે તેના શિષ્ય થઇ રહેવું." આવી પ્રતિજ્ઞા કરી તેઓ ઘમંડમાં રહેતા કે હું એવો વિદ્યાપારગામી છું કે ગમે તેના બોલવાનો અભિપ્રાય જાણીજ શકું, પણ નિશ્ચયે ગમે

કષાયથી આવરણ.

**તેવા માંધાતાના માન મોડાયજ છે. માનાદિ કષાય આત્માની શક્તિને આવરી લે છે, પ્રગટ થવા દેતા નથી; તેથી જેને વિદ્યા આદિનો ગર્વ થયો, તે પછી વિશેષ વિદ્યા આદિ પામી શકતો નથી. એનાં વિદ્યા આદિ વિશેષ પ્રગટ થઈ શકતાં નથી. માન એના કોટ રૂપ થઈ રહે છે; અને નિરાગી નિર્માની પુરૂષો, જેની અનંત શક્તિ માનદુર્ગ તોડી પાડવાથી આવિર્ભાવ પામી છે, તેવા પુરૂષો માનીના માન ગાળવામાં કારણિક થાય છે.** જેમકે શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરપ્રભુ શ્રી ગૌતમસ્વામીનું અભિમાન ગળી જવામાં કારણિક થયા, તેમ હરિભદ્ર વિપ્રનું માન પણ એક મહા સતી સાધ્વીએ તોડ્યું. એનો પ્રસંગ આ પ્રમાણે છે.

યોગિની યાકિની મહત્તરાનો પ્રસંગ અને હરિભદ્રની દીક્ષા.

એક વખત હરિભદ્ર વિપ્ર કોઇ ઉપાશ્રય સમીપ થઇને જતા હતા. ત્યાં **યાકિની મહત્તરા** નામે પવિત્ર સાધ્વીને નીચેની ગાથા ઉચ્ચારતાં સાંભળ્યા.

" चक्कीदुगं हरि पणगं । पणगं चक्कीण केसवो चक्की ॥
केसव चक्की केसव । दुचक्की केसीअ चक्कीअ ॥ १ ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—"બે ચક્રવર્તી થયા, પછી પાંચ વાસુદેવ થયા, પછી પાંચ ચક્રી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક વાસુદેવ, પછી એક ચક્રી, પછી એક વાસુદેવ, પછી બે ચક્રી, પછી એક વાસુદેવ અને છેવટ એક ચક્રવર્તી" એમ આ અવસર્પિણી કાળમાં આ ભરતક્ષેત્રે, કાળક્રમે બાર ચક્રવર્તી અને નવ (કેસવ–અર્ધચક્રી) વાસુદેવ થયા. એવો એ ગાથાનો અર્થ હતો, પણ હરિભદ્ર વિપ્રને તો એ ગાથાનો અર્થ ન બેઠો. એને તો બહુ ચાકચિક્ય લાગ્યું, અને અભિપ્રાય ન સમજતાં ઘસંડમાં આવી જઈ મશ્કરી કરી કે "રે સાધ્વી ! આ શું ચકચક કરી રહી છે?" સમયના જાણ સાધ્વીએ ઉત્તર આપ્યો કે " नवलिप्तं चिकचिकायते " આમ દ્વિઅર્થી જવાબ આપી હરિભદ્રજીને ચાટ પાડ્યા. શું કહ્યું? તો કે (૧) નવું લીંપેલું ચકચકે, અને બીજો અર્થ (૨) તું અણઘડ નવો નિશાળીઓ લાગે છે; કે જેથી તને આ મારૂં સાભિપ્રાય પઠન ચકચકરૂપ લાગે છે ! આવાં વચને કરી ઓલંભો દીધો. આપણને પણ વ્યવહારમાં આવું બહુ બને છે. કોઈનું કાંઈ આશય ભર્યું બોલવું–લખવું આપણે આપણી ન્યૂનતાને લઈ નથી સમજી શકતા, ત્યારે આપણે તેની હાંસી કરીએ છીએ, પણ એ બોલવા--લખવાનો જરા હાર્દ સમજાય, ત્યારે ઝંખવાણા પડી જઈ, પસ્તાઈએ છીએ. આવું પ્રાયઃ આપણા જ્ઞાન (અજ્ઞાન?) ના ગર્વને લઈને થાય છે. હરિભદ્ર વિપ્રે હાંસી કરી તો કરી, પણ પછી જ્યારે ગાથાનો અભિપ્રાય સમજ્યા ત્યારે ઝંખવાણા પડી ગયા, માન ગળી ગયું. યાકિની શાકિની મહત્તરાના શિષ્ય થઈ રહેવા પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે કહ્યું; કેવી સરળતા ! કેવું એકવચનીપણું ! યાકિની મહત્તરા સાધ્વીએ કહ્યું કે 'પુરૂષને શિષ્ય કરવાનો અમને અધિકાર નથી, અમારા ધર્માચાર્ય શ્રી જિનભદ્રાચાર્ય અત્રે છે, તેની પાસેથી અમારા યતિધર્મનો અધિકાર લ્યો.' હરિભદ્રે કહ્યું કે 'આર્યે ! તમેજ મારા ગુરૂ છો.' તથાપિ શ્રી યાકિની મહત્તરાના બહુ કહેવાથી હરિભદ્રજી શ્રી જિનભદ્રાચાર્ય પાસે દીક્ષિત થયા.

**જિનમુદ્રાના દર્શન અને તેથી ઉપજેલ બોધ.**

યાકિની શ્રી યાકિની મહત્તરા હરિભદ્રને દીક્ષા અર્થે શ્રી જિનભદ્રાચાર્ય પાસે લઈ ગયા, તે પ્રથમ તેને જિનમંદિરે તેડી ગયા હતા. ત્યાં શ્રી પવિત્ર જિનમુદ્રાની ઝાંખી કરતાંજ દર્શનાર્થી હરિભદ્રને ઉપજેલ બોધથી તેના મુખે પ્રભુની આ સ્તુતિ નીકળી ગઈ.

" वपुरेव तवाचष्टे । भगवन् वीतरागताम् ॥
नहि कोटर संस्थेऽग्नौ । तरुर्भवति शाड्वलः ॥ "

હે ! ભગવન્, આ આપનું શરીર, આપની મુખમુદ્રાજ, આપનું નિરાગીપણું જણાવે છે, કેમકે ઝાડના કોટરમાં અગ્નિ હોય તો તે કેમ નવપલ્લવ થઈ શકે? નજ થાય. તેમ હે નાથ ! આપના હૃદયમાં કષાયરૂપી અગ્નિ હોય તો, આપની મુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રામાં આવો પ્રશમ રસ ન હોય; આપની પ્રસન્ન–પ્રશાંત મુદ્રાજ એમ સૂચવે છે કે–આપ નિષ્કષાયી, નિરાગી, વીતરાગ છો. ” એ આદિ સ્તુતિ કર્યા પછી તેઓને શ્રી **યાકિની મહત્તરા** શ્રી જિનભદ્રાચાર્ય પાસે લઇ ગયા; જેમણે એને જૈનની ભાગવતી દીક્ષા આપી; પવિત્ર યતિધર્મના અધિકારી કર્યા. “ ચકચક ”ના મહાત્મ્યે હરિભદ્રનો આમ ઉદ્ધાર થયો, એથી એ **“चक्की दुगंपण.”** ગાથાનું સવિસ્તર વિવરણ એમણે પછીથી રચેલી “ **શ્રી આવશ્યક નિર્યુક્તિની બાવીશ હજારી ટીકા** ” માં કર્યું છે. જે આનંદ અને બોધ સાથે વાંચવા યોગ્ય છે. “ **સજ્જનો પોતાને થયેલો ઉપકાર પ્રાયઃ ભૂલતા નથી.** ” શ્રી યાકિની મહત્તરાના પોતે સૂનુ થયા. “ ચકચક ” ને **શ્રી આવશ્યક નિર્યુક્તિ**ની ટીકામાં મહૂલાવ્યું, તેમજ એવા અન્ય હેતુએ ગુરૂભાષિત અમૂક ગાથાઓને અવલંબી શ્રી **સમરાદિત્ય ચરિત્ર**ની સવિસ્તર યોજના કરી, જે હવે પછી કહેવાશે. શ્રી હરિભદ્રસૂરિએ “ **ષટ્ દર્શન સમુચ્ચય** ” ગ્રંથ લખેલ છે; તેની ટીકામાં વૃત્તિકાર શ્રી **ગુણરત્નસૂરિ** તેમની ઓળખ આપતાં મંગળ પ્રારંભમાંજ પ્રકાશે છે કે:—

“ **याकिनीमहत्तरावचनाववोधलब्धवोधिबंधुरः** ” ઇ.

અર્થાત્—શ્રી **યાકિની મહત્તરા**ના વચનાવબોધથી જેમને બોધિબીજ–સમ્યકત્વ પ્રાપ્ત થયું છે એવા શ્રી હરિભદ્રસૂરિ .

સૂરિપદ પ્રાપ્તિ, ગુપ્ત વિદ્યાની લબ્ધિ.

યતિધર્મનો અધિકાર આપ્યા પછી ગુરૂએ એમને યોગ્યતા જોઇ સૂરિપદ પણ આપ્યું. મૂળથીજ વિદ્યાશાળી હતા, તેમાં બોધિબીજ મળ્યું, એટલે સુવર્ણ અને સુવાસ એ બે ભેગાં થયાં, અજ્ઞાન હતું તે જ્ઞાનરૂપે પરિણમ્યું. બોધિબીજને લઈ મિથ્યાત્વ દૂર થતાં ફળરૂપે અજ્ઞાનનું જ્ઞાન થયું; જેની ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં શ્રી હેમચંદ્રાચાર્યની પેઠે એમણે પણ “ કળિકાળ સર્વજ્ઞ ” નું બિરૂદ પ્રાપ્ત કર્યું. દેવતાધિષ્ઠિત કેટલાક **ઉપનિષદો** ( રહસ્ય પુસ્તકો, આકર્ષણ વિદ્યા, સુવર્ણ સિદ્ધિ, પરપૂરપ્રવેશ, નભોગમન ) તેઓને મળ્યાં; પણ કાળની હીનતા અને જીવોની તથાપ્રકારની પાત્રતાની ખામીને લઇ, એઓએ એ ગુપ્ત વિદ્યાના ગ્રંથોને અગ્નિ કે પાણીથી હાનિ ન પહોંચે એવા વિવિધ ઔષધિનિષ્પન્ન સ્તંભોમાં ભંડાર્યા કહેવાય છે. **જ્ઞાનિઓ લબ્ધિ, સિદ્ધિ, ગુપ્તવિદ્યા આદિને ધર્મ હારી જવાનાં સાધન ગણીને તેની પ્રાયઃ ઉપેક્ષા કરે છે.** એ લબ્ધિ, સિદ્ધિ આદિ કંઇ નહિ, પણ આત્માની અનંત શક્તિની નમુનારૂપ પ્રસાદી છે, માનમાં આવી જવાનાં કારણરૂપ છે, દુરૂપયોગ થઇ

જ્ઞાનિઓ ગુપ્તવિદ્યા ઉપર ભાર કેમ નથી મૂકતા ?

સંસારવૃદ્ધિનાં કારણરૂપ છે. આથી જ્ઞાનિઓ એથી સંભાળીને ચાલે છે. શાસનહિત હેતુએ સત્‌ના રક્ષણ અર્થે તેવું કારણ પામી લાભ–હાનિનો વિચાર કરી તેઓ એ રહસ્ય વિદ્યાનો ઉપયોગ કરે છે, એમ કરતાં પણ એઓને પ્રાયશ્ચિત્ત આવે છે, એવો ઝીણો યતિધર્મ છે. પૂર્વે શ્રી કાલિકાચાર્ય, હેમચંદ્રાચાર્ય આદિએ શાસનરક્ષણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતુએ ગુપ્ત વિદ્યાનો ઉપયોગ કર્યો છતાં તેઓને પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું હતું, એમ એઓનાં ચરિત્રપરથી જણાય છે. પેઢાલપુત્ર સત્યકી ( મહેશ્વરે ) એ ગુપ્ત વિદ્યાનો વ્યભિચાર સેવવારૂપે દુરૂપયોગ કરી અકાળ મૃત્યુ વ્હોરી લીધાની વાતો સંભળાય છે. માટે જ્ઞાનીઓ એ ગુપ્તવિદ્યાને માનમાં આણી તેનો ગેરઉપયોગ કરાવી ધર્મ હાની જવાનાં સાધનરૂપ ગણી તેની ઉપેક્ષા કરે છે, તેની બહુ કનવા કરતા નથી. હાલ તો એવી વિદ્યા ઘણા મ્હોટા ભાગે લોપ થઈ ગઈ છે, તથાપિ કોઇને સહજ Will Power કે Hypnotism કે પ્રાણુવિનિમય આવડ્યો, તો તેનો તમાસો કરી પૈસો પેદા કરવા રૂપે અથવા કોઇના દુર્ચરિત જોવા રૂપે અથવા પોતાની કુવાસના પૂરી કરવા રૂપે એનો દુરૂપયોગ કરે છે, આ કેવળ અજ્ઞાનજનિત છે. જ્ઞાનીઓ એથી સાવધ રહી વર્તે છે. શ્રી હરિભદ્રસૂરિને પણ કોઈ કારણ વિશેષે નિબિડ ક્રોધ આવ્યો હતો, અને પોતાને સંગેત " આકર્ષણ વિદ્યા " ના બળે ૧૪૪૪ બૌદ્ધોને અંતરિક્ષ માર્ગે ખેંચી મારી નાંખવા પ્રવર્તતા હતા, પણ એના સદ્ગુરૂએ વાર્યો હતા, આવી વૃત્તિ માત્ર થઇ હતી, કાર્ય થયું નહોતું. છતાં એ પાપવૃત્તિના પ્રાયશ્ચિત્તરૂપે તેઓએ ૧૪૪૪ ગ્રંથો ગુંથ્યાનું સંભળાય છે, અને પ્રાયઃ એ કારણે એઓએ રહસ્ય ગ્રંથો ઉપર કહ્યા મુજબ ભંડારી દીધા હોય એમ લાગે છે. ૧૪૪૪ બૌદ્ધોને મારવાના પ્રવર્તન સંબંધી વાત નીચે મુજબ છે.

એઓને હંસ અને પરમહંસ નામના બે ભાણેજ ( ભાણેજ ) શિષ્ય હતા. તેઓએ શ્રીમદ્ની સમીપે રહી સર્વ વિદ્યાનો અભ્યાસ કર્યો. ન્યાય, તર્ક, અલંકાર, ષડ્દર્શન આદિમાં પણ પ્રવીણ થયા; પછી બૌદ્ધદર્શન સવિશેષ અભ્યાસવાની તેઓની ઇચ્છા થઇ. બૌદ્ધધર્મ આ કાળે ચડતી કળાએ પહોંચ્યો હતો. સ્થળે સ્થળે એના મઠ અને વિહાર હતા. ઘણા રાજા–રાણાઓ પણ બૌદ્ધાનુયાયી થઇ ગયા હતા. પ્રખ્યાત ચીનો મુસાફર હુએનત્સાંગ આ વખતે હિંદમાં મુસાફરીએ આવ્યો હતો. તે પોતાની મુસાફરીનું બહુ ખુબી ભર્યું વર્ણન લખે છે, તેમાં આ વખતની બૌદ્ધધર્મની જાહોજલાલીનું વર્ણન પણ જણાવે છે. ચિત્રકૂટથી પૂર્વે કોઇ પ્રખ્યાત વિહારમાં જવા માટે હંસ પરમહંસ તૈયાર થયા. ગુરૂની જવા માટે આજ્ઞા માગી. શ્રી હરિભદ્રસૂરિએ તેમને નેહ જોઇ વાર્યા,

તે કાળે બૌદ્ધોની સ્થિતિ, એઓના શિષ્ય હંસ પરમહંસનો વધ, તેઓનો ક્રોધ, ગુરૂનો બોધ, શ્રી રાજશેખર સૂરિની યોજના.

પણ ભાવિ પ્રબળ છે, એ અનુસાર બૌદ્ધદર્શન તથા તેની રહસ્ય વિદ્યાઓ શિખવાની આતુરતામાં હંસ–પરમહંસ ગુરૂથી ઉપરવટ થઇને ગયા. બૌદ્ધો જૈનોને શીખવતા નહિ. સર્વના મતભેદમાં—વિચાર સહિષ્ણુતા ( spirit of toleration ) પ્રાયઃ નજ હોય, આથી હંસ–પરમહંસ બૌદ્ધ વિહારમાં બૌદ્ધરૂપે રહ્યા. પોતે જૈન હો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનું ઘણો વખત કળાવા ન દીધું, પણ જૈનને યોગ્ય તેઓના દયા ભર્યા આચાર વિચારથી તેઓ જૈન હોવાનો વ્હેમ મઠાધિકારીઓને આવ્યો. વ્હેમ સાચો હોય કે ખોટો પણ હોય, માટે એનું સમાધાન કરવા તેઓએ હંસ–પરમહંસના જવાના રસ્તામાં ભોંય ઉપર જિનમુદ્રા આલેખી, તે એવા હેતુથી કે જો હંસ–પરમહંસ ખરેખર જૈન હશે તો તે જિનેશ્વરની પ્રતિમાના ચિત્રને ઉલ્લંઘશે નહિ. હંસ–પરમહંસ ત્યાંથી પસાર થતાં તેઓની દૃષ્ટિ તે જિનમુદ્રા ઉપર યતિધર્મને યોગ્ય તેઓની ઈર્યાસમિતિને લઈ સ્વાભાવિક રીતે ગઈ. બૌદ્ધોનો વ્હેમ તેઓ પામી ગયા, પણ ગભરાયા નહિ, તેઓએ જોઇતું જ્ઞાન મેળવી લીધું હતું; વળી દેવાધિદેવ શ્રી અર્હતના ચિત્રપટને ઉલ્લંઘાય એમ નહોતું. સમય વિચારી તેઓએ એ ચિત્રપટપર ઉપવિત (જનોઈ) ની વાજુ લીંટી વધારામાં આલેખી, એટલે એ બૌદ્ધમુદ્રા થઇ ગઇ, હવે તેઓ સલામત એને ઓળંગી ગયા. પકડાઈ જવાના ભયને લઈ હવે અત્રે રહેવું સલામત નથી, એમ ધારી બંને ગુપ્ત રીતે ચિત્રોડ તરફ નાસી ગયા. બૌદ્ધમુદ્રા ઓળંગી ગયા, જિનમુદ્રાને બદલે બૌદ્ધમુદ્રા તેઓએ કરી અને અમારા માન્ય દેવનું અપમાન કર્યું; જૈન હોવા છતાં ઠગાઇથી બૌદ્ધરૂપે રહી અમને છેતર્યા, એ વગેરે પ્રકારે વિહારાધિકારીઓને કોપ પ્રકટ્યો. એઓએ પોતાના આશ્રિત રાજાને ફરિયાદ કરી. હંસ–પરમહંસને ચિત્રોડથી પાછા પકડી આણવા ૧૪૪૪ બૌદ્ધોનું સૈન્ય મોકલાવ્યું. હંસ વચમાંજ મરાયો. પરમહંસ ચિત્રોડ પહોંચતાંજ મરાયો. સૈન્ય પાછું ગયું. શ્રી હરિભદ્રસૂરિને આ બનાવની ખબર મળતાં તેઓને નિબિડ ક્રોધ વ્યાપ્યો, તે એટલે સુધી કે ૧૪૪૪ બૌદ્ધોને પાછા ચિત્રોડમાં આકાશમાર્ગે આકર્ષણ વિદ્યાથી ખેંચી ઉકળતી લોહની તેલની કડાઓમાં નાંખી મારી નાંખવા પ્રવર્ત્યા.

જીવને ક્રોધ વ્યાપે, ત્યારે તે આગળ પાછળનું કાંઇ વિચારી શકતો નથી, તેનાં જ્ઞાનચક્ષુ અવરાઇ જાય છે. તેમજ શ્રી હરિભદ્રસૂરિનાં વિચારચક્ષુ ક્રોધાવેશને લઇ મીંચાઇ ગયાં, અને અનંત સંસાર વધારનારા જીવઘાત માટે પ્રવર્તતા હતા, ત્યાં તેઓના ગુરૂ શ્રી જિનભદ્રાચાર્યને આ વાતો વિદિત થઇ. તેઓને ઉપશાંત કરવા–પ્રતિબોધવા ગુરૂએ આ નીચેની ગાથા કહી; કે જેથી શ્રી હરિભદ્રસૂરિનો ક્રોધ ઉપશમી ગયો, અને એ ગાથા પ્રતિબદ્ધ શ્રી સમરાદિત્ય ચરિત્રની સવિસ્તર યોજના કરી, એટલુંજ નહિ પણ ગુપ્ત વિદ્યાઓ વાપરવાની વૃત્તિમાત્રના પ્રાયશ્ચિત્ત રૂપે એ વિદ્યાઓ ભંડારી મૂકી, અને ૧૪૪૪ બૌદ્ધોને હણવાના સંકલ્પ માત્ર માટે પ્રાયશ્ચિત્ત રૂપે ૧૪૪૪ ગ્રંથોની રચના કરીને કર્મની નિર્જરા કરી.

(ક્રોધનું મહાત્મ્ય.)

(સમરાદિત્ય સંક્ષેપ ગાથા.)

गुणसेण अग्गिसम्मा, सिहाणंदाय तह पिआ पुत्ता ।
सिहि जालिणी माइ सुओ, धण धणसिरि मो अ पइ जज्जा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जय विजया य सहोयर, धरणो लच्छिय तह पई जज्जा ।
सेण विसेणा पित्तिअ, उत्ता जंमंमि सतमए ॥
गुणचंद वाणमंतर, समराइच्च गिरिसेण पाणो उ ।
एगस्स तओ मुक्खो,ऽणंतो विअस्स संसारो ॥
जह जलइ जलं लोए, कुसच्छपवणाहओ कसायग्गि ।
तं जुत्तं न जिणवयणअमियसित्तोवि पज्जलइ ॥

અર્થાત્—ગુણસેન નામે એક રાજા હતો, તેણે અગ્નિશર્મા નામે એક તાપસને પારણાનું નિમંત્રણ કર્યું, પણ પ્રમાદયોગે એને પારણું કરાવવું વીસરી ગયો; આથી અગ્નિશર્માના અંતરમાં વૈરભાવ પ્રગટ્યો, આ પહેલો ભાવ.

(૨) બીજે ભવે અગ્નિશર્મા વિદ્યુત્કુમારમાં ઉપજ્યો, ગુણસેન સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

(૩) ત્યાંથી ત્રીજે ભવે ગુણસેન સિંહરાજા થયો, અને અગ્નિશર્મા તેનો આણંદ નામે પુત્ર થયો, જેણે પૂર્વ ભવના વૈરભાવને લઇ પિતાને વિષ દઇ માર્યો.

(૪) ત્યાંથી ચ્યવી ચોથે ભવે ગુણસેન ત્રીજા સ્વર્ગે, અને અગ્નિશર્મા પહેલી નરકે ઉપજ્યો.

(૫) ત્યાંથી ચ્યવી પાંચમા ભવે ગુણસેન શિખી નામે પુત્ર થયો, અને તે અગ્નિશર્માનો જીવ જે જાલિણી નામે માતા થઇ હતી તેના પેટે અવતર્યો. આ ભવમાં માતાએ પુત્રને પૂર્વના વૈરભાવને લઇ વિષથી માર્યો.

(૬) ત્યાંથી ચ્યવી છઠ્ઠે ભવે ગુણસેનનો જીવ પાંચમા સ્વર્ગે અને અગ્નિશર્માનો જીવ બીજી નરકે ઉપજ્યો.

(૭) ત્યાંથી ચ્યવી સાતમા ભવે ગુણસેનનો જીવ ધન્યકુમાર નામે શેઠપણે અને અગ્નિશર્માનો જીવ ધનશ્રી નામે તેની સ્રીપણે ઉપજ્યો. પૂર્વ વૈરને લઇને સ્રીએ પતિને માર્યો.

(૮) ત્યાંથી ચ્યવી આઠમા ભવે ગુણસેનનો જીવ સાતમા સ્વર્ગે અને અગ્નિશર્માનો જીવ ત્રીજી નરકે ઉપજ્યો.

(૯) ત્યાંથી ચ્યવી નવમા ભવે ગુણસેનનો જીવ જય નામે અને અગ્નિશર્માનો જીવ વિજય નામે તેના ભાઇપણે ઉપજ્યો, અહીં પૂર્વના વૈરને લઇને વિજયે જયને પીડા ઉપજાવી.

(૧૦) ત્યાંથી ચ્યવી દશમા ભવે ગુણસેનનો જીવ નવમા કલ્પે વિમાનવાસી દેવ થયો, અને અગ્નિશર્માનો જીવ ચોથી નરકે ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧) ત્યાંથી ચ્યવી અગ્યારમા ભવે ગુણસેન ધરણ નામે શેઠ થયો, અને અગ્નિશર્મા લક્ષ્મી નામે તેની ભાર્યા થઇ, જેણે પતિને પૂર્વિત વૈરને લઇ રંજાડયો.

(૧૨) ત્યાંથી ચ્યવી બારમા ભવે ગુણસેન અને અગ્નિશર્મ્મા અનુક્રમે અગ્યારમા કલ્પે અને પાંચમી નરકે ઉપજ્યા.

(૧૩) ત્યાંથી ચ્યવી તેરમા ભવે ગુણસેન અને અગ્નિશર્મ્મા અનુક્રમે સેન વિષેણુ નામે બે પિત્રાઇ ભાઈ થયા. જેમાં વિષેણે સેનને પૂર્વ વૈરયોગે માર્યો.

(૧૪) ત્યાંથી ચ્યવી ચૌદમા ભવે ગુણસેન નવમા ગ્રૈવેયકે અને અગ્નિશર્મ્મા છઠ્ઠી નરકે ઉપજ્યો.

(૧૫) ત્યાંથી ચ્યવી પંદરમા ભવે ગુણસેન ગુણચંદ્ર નામે વિદ્યાધર થયો, અને અગ્નિશર્મ્માએ વાણવ્યંતર થઇ પૂર્વિત વૈરને લઈ ગુણચંદ્રને પીડા ઉપજાવી.

(૧૬) ત્યાંથી ચ્યવી સોળમા ભવે ગુણસેનનો જીવ સર્વાર્થસિદ્ધિ વિમાને કલ્પાતીત દેવ થયો, અને અગ્નિશર્મ્માનો જીવ સાતમી નરકે ગયો.

(૧૭) ત્યાંથી ચ્યવી સત્તરમા ભવે ગુણસેન સમરાદિત્ય નામે રાજા થયો; અને અગ્નિશર્મ્મા ગિરિસેન નામે ચાંડાળ થયો. શ્રી સમરાદિત્ય સર્વજ્ઞ અને સર્વદર્શી થઇ સિદ્ધ થયા, અને ચાંડાળ અનંત સંસાર રઝળ્યો.

ક્રોધના વિપાક; ગુરૂનો બોધ.

આથી હે હરિભદ્ર! તું ક્રોધ–વૈરના અનર્થ તો જો. ગુણસેને અગ્નિશર્મ્માને નિમંત્રણ કર્યું; પણ અજાણતાં તેને પાછો વિસરી ગયો. તેથી ઉપજેલ ક્રોધ–વૈરને લઈ અગ્નિશર્મ્માની આ સ્થિતિ થઇ, અને ગુણસેનને પણ પ્રમાદને લઈ–અસાવધતાને લઇ અગ્નિશર્મ્માદ્વારા આટલું બધું ખમવું પડયું! આ અગ્નિશર્મ્મા તો અબુઝ, અજ્ઞાનકષ્ટ કરનાર તાપસ હતો, પણ તું તો જાણુ છે, તને આવો ક્રોધ ઘટે નહિ; ક્રોધના વિપાક બહુ કડવા છે. વચનમાત્રથી કહ્યા છતાં પારણું ન કરાવી શકયો, તેથી પણ આવો વૈરભાવ થયો; અને અગ્નિશર્મ્માને આમ રઝળવું પડયું અને ગુણસેનને તેના સાથે આમ ખમવું પડયું તો પછી તું તો આ ૧૪૪૪ બાૈદ્ધોને જાણી જોઇ હણી નાખવા તૈયાર થયો છું; તો તેથી કેવો નિબિડ વૈરભાવ પ્રગટશે? અને તેના કેવાં કટુફળ થશે? તેનો તું વિચાર કર. ખચીત તારા આ ક્રોધથી અનંત સંસાર માથે વ્હોરી લેવા જેવું છે. કુવાસનાવાળા જીવને કષાયાગ્નિ ઉપજ્યો હોય તો તે કષાયાગ્નિ પણ નિરાગી વીતરાગના વચનામૃત સિંચાવાથી ઉપશમી જાય છે; તો તું તો સુવાસનાવાળા શ્રી જિનેંદ્ર દેવનો ઉપાસક છે. વીતરાગ માર્ગનો જાણુ છે. સુવાસનાવાળો છે. તો તું આમ કેમ મુંઝાય છે? તું કેમ ક્રોધમાં આવી જઇ આમ આકળો થાય છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પાપથી તારો આત્મા દુઃખમાં નહિ પડે ? માટે હે હરિભદ્ર ! આ પાપથી ઓસર, નિવર્ત્ત. આ પ્રકારે ઉપશમ રસથી સિંચાતાં શ્રી હરિભદ્રસૂરિનો ક્રોધ ઉપશમી ગયો. એઓને બહુ પશ્ચાત્તાપ થયો અને પૂર્વે જણાવ્યું છે તેમ પ્રાયશ્ચિત્ત લઈ કષાયમળથી મોકળા થયા.

પ્રમાણ શિક્ષા.

શ્રી હરિભદ્રસૂરિના ચરિત્રના આ વિભાગથી આપણે બહુ શીખવાનું છે. સહજમાત્ર વેરભાવ અનંત દુઃખદાયી છે. ક્રોધ ઉપશમવાનું સાધન ક્ષમા છે. **પાપ કર્યાથી પસ્તાવું પડે, કે તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે તે કરતાં પાપ ન થાય તો સારૂં એવો સદૈવ લક્ષ રાખવો યોગ્ય છે.** શ્રી હરિભદ્રસૂરિ તો પ્રૌઢ પ્રતાપી હળુકર્મી પ્રભાવક હતા. એઓને તો એઓના પુણ્યપ્રતાપે શ્રી જિનભદ્રસૂરિ જેવા નિર્યામક મળ્યા; તેથી તેઓનો અજ્ઞાનજનિત ક્રોધ ઉપશમી ગયો. નહિ તો જાણી–બુઝી કરવારૂપ વેરભાવને લઈને અનંત સંસાર વધારી બેસત; **પણ આપણે બહુ ચેતવાનું છે.** ભવ્ય જીવ ઉતમ સંયોગી હોય છે. ભવ્ય જીવને સહજે ઉતમ સંયોગો મળે છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિ ભવ્ય હતા. તેમને વિદ્યાપ્રાપ્તિ,યોગિની યાકિની મહત્તરાનો સંયોગ, શ્રી જિનભદ્રસૂરિ જેવા ગુરૂ, અને શ્રી વીતરાગ માર્ગની દ્રઢવાસના એ આદિ ઉતમ સંયોગો મળ્યા હતા.

**" ચાહે ચકોર તે ચંદને,**
**" મધુકર માલતી ભોગી રે;**
**" ત્યમ ભવી સહજ ગુણે હોવે,**
**" ઉત્તમ નિમિત્ત સંયોગીરે. "**

શ્રી યોગદ્રષ્ટિ—

શ્રી હરિભદ્રસૂરિ એવી ઉતમ સામગ્રીવાળા હતા. તેનો તેમણે અપ્રમત્તપણે સદુપયોગ કર્યો. **આપણને પણ આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, વીતરાગ ધર્મ આદિ ઉતમ સંયોગો પ્રાપ્ત થયા છે; તેનો જો સદુપયોગ થાય તો આપણને મળેલ આ અમુલ્ય મનુષ્યદેહનું સાર્થક છે. તથાસ્તુ !**

શ્રીમાન્ની કૃતિ.

શ્રીમદે ૧૪૪૪ ગ્રંથો ગુંથ્યા છે, તથાપિ એ બધા આપણને મળી શકતા નથી એ આપણા પુણ્યની ખામી છે. શ્રી પાટણ, જેસલમીર, લીંબડી વિગેરેના ભંડારમાં, અમદાવાદ–ખંભાત આદિ સ્થળે શ્રીમંત ગૃહસ્થોને ત્યાં, તથા કોઇ કોઇ વિદ્વાન્ સાધુઓ પાસે શ્રીમદના ગ્રંથો છુટા–છવાયા જોવામાં આવે છે; પણ બધા મળી શકતા નથી. મારવાડમાં ગોરજીઓ પાસેથી અથવા એઓના ઉપાશ્રયોમાંથી પણ ક્વચિત્ શ્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહ્‌ની કૃતિઓ મળી શકવા સંભવ છે. મુસલમાની વખતમાં, તેમાં પણ મહમદ ગીઝની, અને અલ્લાઉદ્દીનની ચડાઇ વખતે હીંદુ મંદિરોને જેમ શોષવું પડ્યું હતું, તેમ જૈન મંદિરો તથા પુસ્તકોની પણ ખુવારી થઇ હતી. શ્રીમદ્‌ની બધી કૃતિઓ નહિ મળી શકવામાં આ એક પ્રબળ કારણ છે. શ્રીમદ્‌ હેમચંદ્રાચાર્યે સાડાત્રણ ક્રોડ શ્લોક લખ્યા છે, તથાપિ તે બધા મળી શકતા નથી. હમણાંજ બસો વરસ ઉપર થઈ ગયેલ શ્રીમદ્‌ યશોવિજયજીએ સો ગ્રંથો લખ્યા છે; તથાપિ તે પણ બધા ઉપલબ્ધ થતા નથી. આ બધાનું એક બીજું કારણ એ છે કે, મૂળ ગ્રંથોની ઝાઝી પ્રતો ન લખાઇ શકી હોય; અને જે લખાઇ હોય તે અમુક અપ્રસિદ્ધ સ્થળે રહી હોય, તેમાંથી કેટલીક ફરી લખાવા પહેલાં પૌદ્‌ગલિક સ્વભાવને લઈ જીર્ણ થઇ નાશ પામી હોય. આવું વર્તમાનમાં પણ ઘણા હસ્તલેખોનું થતું, થયેલું દેખીએ છીએ; તો આ કારણને લઇ પૂર્વ પુરૂષોની બધી કૃતિઓ આપણને ન મળે તે બનવા જોગ છે. તો પણ શ્રીમદ્‌ની જે જે કૃતિઓની આપણને માહિતી છે, અને જે મળી શકે છે તેનાં નામ આપશું; અને કોઇ કોઈની (જેમાં આપણી ચાંચ સહેજ પણ ડુબે તેની) સામાન્ય સમાલોચના કરશું.

પુર્વ પુરૂષોની બધી કૃતિઓ કેમ નથી મળતી?

(૧) શ્રી દશવૈકાલિક લઘુવૃત્તિ.
(૨) શ્રી દશવૈકાલિક બૃહદ્‌ વૃત્તિ.
(૩) શ્રી નંદીસૂત્ર લઘુવૃત્તિ.
(૪) શ્રી આવશ્યક સૂત્ર ઉપર શિષ્યહિતા ટીકા. (બૃહદ્‌ વૃત્તિ.)
(૫) શ્રીપ્રજ્ઞાપનાપ્રદેશવ્યાખ્યા.(લઘુવૃત્તિ)
(૬) શ્રી જંબુદ્વીપ સંગ્રહણી.
(૭) શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા.
(૮) શ્રી ચૈત્યવંદન વૃત્તિ.
(૯) શ્રી લલિત વિસ્તરા (ચૈત્યવંદન બૃહદ્‌ વૃત્તિ)
(૧૦) શ્રી કર્પૂરાભિધ સુભાષિત કાવ્ય.
(૧૧) શ્રી ધૂર્ત્તાખ્યાન.
(૧૨) શ્રી મુનિપતિ ચરિત્ર.
(૧૩) શ્રી સમરાદિત્ય ચરિત્ર.
(૧૪) શ્રી પંચવસ્તુ. સ્વોપજ્ઞવૃત્તિ.
(૧૫) શ્રી પંચસૂત્ર. સ્વોપજ્ઞવૃત્તિ.
(૧૬) શ્રી અષ્ટક.
(૧૭) શ્રી ષોડશક.
(૧૮) શ્રી પંચાશક.
(૧૯) શ્રી શ્રાવક ધર્મ વિધિ.
(૨૦) શ્રી ધર્મબિંદુ.
(૨૧) શ્રી યોગબિંદુ. સ્વોપજ્ઞવૃત્તિ.
(૨૨) શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય. સ્વોપજ્ઞવૃત્તિ.
(૨૩) શ્રી યોગવિંશતિ.
(૨૪) ન્યાય પ્રવેશક સૂત્ર. સ્વોપજ્ઞવૃત્તિ.
(૨૫) ન્યાયાવતાર વૃત્તિ.
(૨૬) ન્યાયવિનિશ્ચય.
(૨૭) ધર્મસંગ્રહણી.
(૨૮) વેદબાહ્યતા નિરાકરણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૯ ) ષડ્દર્શન સમુચ્ચય. ( ૩૦ ) ષડ્દર્શની.
( ૩૧ ) અનેકાંતવાદ પ્રવેશ. ( ૩૨ ) અનેકાંતજયપતાકા. સ્વોપજ્ઞવૃત્તિ.
( ૩૩ ) લોકતત્ત્વ નિર્ણય. ( ૩૪ ) ઉપદેશપદ.
( ૩૫ ) અનેકાંત પ્રઘટ્ટ. ( ૩૬ ) લઘુ ક્ષેત્રસમાસ.
( ૩૭ ) તત્ત્વાર્થ લઘુવૃત્તિ. ( ૩૮ ) શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચય. સ્વોપજ્ઞવૃત્તિ.
( ૩૯ ) જ્ઞાનાદિત્ય પ્રકરણ. ( ૪૦ ) દર્શન સત્તરી (સમ્યકત્ત્વ સપ્તતિકા.)
( ૪૧ ) દેવેંદ્રનરકેંદ્ર પ્રકરણ. ( ૪૨ ) યતિદિનકૃત્ય.
( ૪૩ ) યોગશતક. ( ૪૪ ) લગ્નશુદ્ધિ.
( ૪૫ ) સર્વજ્ઞસિદ્ધિ. ( ૪૬ ) સંબોધ પ્રકરણ.
( ૪૭ ) શ્રી અનુયોગદ્વારસૂત્ર લઘુવૃત્તિ. ( ૪૮ ) સંસારદાવા સ્તુતિ.

ઈત્યાદિ. ( અપૂર્ણ. )

---

# કોન્ફરન્સને લગતી કેટલીક અગત્યની બાબતો.

ગયા અંકમાં આપેલા સાતમી કોન્ફરન્સને લગતા રીપોર્ટપરથી જણાયું હશે કે આ વરસે જેઠ શુદ ત્રીજ, ચોથ અને પાંચમને રોજ શ્રી પુના શહેરમાં આપણી કોન્ફરન્સનું સાતમું અધિવેશન સંપૂર્ણ થયું છે. મેળાવડો સામટી રીતે સારો થયો હતો, અને કાર્ય નિર્વિઘ્ને પસાર થયું હતું, એ સંબંધમાં ખાસ સંતોષ બતાવવો યુક્ત છે. ખસુસ કરીને શ્રી પુનાની રીસેપ્શન કમીટીએ બહુ થોડા વખતમાં જે તૈયારીઓ કરી હતી તેને માટે તેને ધન્યવાદ ઘટે છે. આ સર્વ હકીકત સામાન્ય દૃષ્ટિથી ગ્રાહ્યમાં આવે તેવી છે. તેપર વિવેચન ન કરતાં ખુદ કોન્ફરન્સના આંતર શરીરને અગત્યની કેટલીક હકીકતોપર નિરીક્ષણ અને આલોચના કરવા યોગ્ય લાગે છે.

## ( પ્રમુખ. )

સર્વથી વિશેષ અગત્યની બાબત પ્રમુખ સાહેબને લગતી છે. પ્રમુખ સાહેબનાં જ્ઞાન, અનુભવ અને દીર્ઘદૃષ્ટિપર કોન્ફરન્સનો મુખ્ય આધાર રહે છે. અત્યાર સુધીની પ્રણાલિકા ધનવાનને અધ્યક્ષસ્થાન આપવાની છે, અને તેમાં ખાસ કરીને કાંઇ ગેરવ્યાજબી હોય એમ લાગતું નથી; પરંતુ ધનવાનો અને ધનવાનોમાં ફેર હોય છે. કેટલાક ધનવાનો નવીન જમાનાના સંબંધમાં અને વિચારમાં એટલી હદ સુધી આવી ગયા હોય છે કે તેઓ નવીન વિચારોથી જુદી જાતના વિચારો કરે તો તે પણ અનુભવસિદ્ધ હકીકતને આધારે કરેલા નિર્ણયપરથી થયેલા હોય છે, જ્યારે કેટલાક તો નવીન સંસ્કારોના સંબંધમાં બહુ ઓછા આવેલા હોય છે. કોમને લગતાં કાર્યોમાંનાં ઘણાં કામો પૈસાપર આધાર રાખે છે, તેથી વિદ્વાનોનું ખા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ કર્ત્તવ્ય છે કે જે જગોપર તેઓનો સ્વાભાવિક રીતેજ હક હોવો જોઇએ, તે જગોનું માન ધનવાનોને આપી તેના બદલામાં એકાદ કાર્ય સારી સ્થિતિમાં મૂકવા યત્ન કરવો જોઈએ. આની સાથે ધનવાન વર્ગમાંથી જે પ્રમુખ શોધવા તે પણ સંસ્કારવાન્ હોવા જોઇએ. કમનશીબે હાલ તો બેવડું ભાડુતી કામ ચાલે છે. ભાષણ લખનાર પણ અન્ય હોય છે, અને વાંચનાર પણ અન્ય હોય છે. આ બેવડા ભાડુતીપણાનો તો હવે કોઇ પણ રીતે છેડો આવવો જોઇએ; પ્રમુખની નબળાઇથી સબ્જેક્ટ કમીટી વખતે પણ બહુ અગવડો ઉભી થાય છે, એ ઘણા માણસોને સુવિદિત છે. ધનવાનોને ધનની મદદની આશાથી મુખ્યત્વે કરીને પ્રમુખ નીમવામાં આવે છે, એ તેઓએ ધ્યાનમાં રાખવું જોઇએ.

## પહેલો દિવસ.

કોન્ફરન્સના પહેલા દિવસના પ્રોગ્રામમાં ખાસ કરીને રીસેપ્શન કમીટીના પ્રમુખ અને કોન્ફરન્સના પ્રમુખનું ભાષણ હોય છે, આ ભાષણ તદ્દન શુષ્ક થઇ જાય છે, તેનાં ઘણાં કારણો છે. લખનાર, વાંચનાર, અને વંચાવનાર એ ત્રણે પ્રથક્ હોય છે, અને ભાષણો પ્રથમથી છપાવીને વહેંચી દીધા હોય છે, તેથી તે સાંભળવામાં કાંઇ આકર્ષણ રહેતું નથી; આથી પહેલો દિવસ જે સર્વથી સુંદર જવો જોઈએ તે તદ્દન ઘોંઘાટ તથા ગડબડાટમાં પસાર થાય છે. જ્યાંસુધી પ્રમુખને નીમવાની અત્યાર સુધી ચાલતી રીતિ અનુસરવામાં આવે, ત્યાંસુધીને માટે એક નવીન યોજના મનમાં ઉદ્ભવે છે. તે દિવસે જનરલ સેક્રેટરી અથવા આસિસ્ટંટ જનરલ સેક્રેટરી બુલંદ અવાજે એક ભાષણ આપે, જેમાં કોન્ફરન્સના હેતુઓ, મુદ્દાઓ અને ગતવર્ષમાં થએલાં કાર્યોની ટુંકી પણ ઉપયોગી નોંધ આપે; દરેક વરસે નવીન નવીન મુદ્દાપર બોલવાનું શોધવું તે વિદ્વાનોને માટે કાંઈ આશ્ચર્યકારક નથી; આવા શરૂઆતના ભાષણની પદ્ધતિ જસ્ટીસ રાનાડેએ સોશીયલ કોન્ફરન્સમાં રાખી હતી, અને તેઓ દરેક વરસે નવીન વિચારો બતાવી આખા હિંદના વિચારશીલ બંધુઓને નૂતન વિચારક્ષેત્ર આપતા હતા. આથી પ્રથમનો દિવસ તદ્દન નકામા જેવો જાય છે તે ઉપયોગી થશે,અને કોન્ફરન્સના હેતુઓના સંબંધમાં વારંવાર ભળતા માણસો તરફથી જે અસંબદ્ધ અને ગેરસમજુતી કરાવનારા વિચારો સારા કે ખોટા ઈરાદાથી ફેલાવવામાં આવે છે તે અટકી પડશે; આ સૂચનાપર કોન્ફરન્સના કાર્યવાહકો ધ્યાન આપશે.

## સબ્જેક્ટસ કમીટી.

સબ્જેકટસ કમીટીની નીમણુક બહુજ ધોરણ વગરની થાય છે. ભાવનગરની કોન્ફરન્સ વખતે બંધારણનો જે બહુ મહત્વનો ઠરાવ કરવામાં આવ્યો હતો, તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહેના ખરડામાં સબ્જેકટસ કમીટીના બંધારણનો પણ વિચાર કરવામાં આવ્યો હતો, પણ કોન્ફરન્સનું બંધારણ પ્રથમ મુકરર કરી તે વ્યવહારૂ આકાર લે, ત્યાર પછીજ આ વિષય હાથ ધરવામાં ડહાપણ થશે એવો નિર્ણય થવાથી એ સવાલ તે વખતે મુલતવી રાખવામાં આવ્યો હતો. સબ્જેકટસ કમીટીમાં કેટલાક નાપસંદ દેખાવો થાય છે તે ખાસ અટકાવવાની જરૂર છે, અને તેને માટે તેનું બંધારણ પણ થઈ જાય તે ઇચ્છવા જોગ છે. સબ્જેકટસ કમીટી હમેશાં શાંત, અનુભવી, વિચારશીલ, ગંભીર મનુષ્યોની બનેલી હોવી જોઇએ. અમુક વ્યક્તિ જે કાંઇ બોલે તેને તોડી પાડવાના ઇરાદાથી ત્યાં કાંઇપણ બોલાવું જોઇએ નહિ. સ્વતંત્રતાના જમાનાને અંગે કાંઇ એવી વૃત્તિ પણ રહે છે કે શેઠીઆઓને તોડી પાડવામાં એક જાતનું માન રહેલું છે. અમુક માણસ ધનવાન છે, તેથી તેના વિચારોને અનુસરવુંજ જોઇએ, એવી વૃત્તિ રાખવાથી જેમ કોમનું શ્રેય થાય તેમ નથી, તેમજ અતિ ઉતાવળા થઇ ધનવાનોને માટે ગમે તેવા શબ્દો ઉચ્ચારવાથી તેઓ કોન્ફરન્સથી પરાઙ્મુખ થઈ જાય એ ધીમે ધીમે બનવા જોગ છે, અને એવો પ્રસંગ આવે તો કોન્ફરન્સનો એક પણ હેતુ પાર પડવાનો સંભવ નથી. આ સત્ય નિરંતર દૃષ્ટિ સમીપ રાખવાની જરૂર છે કે આપણી કોન્ફરન્સ ફતેહમંદ થઇ છે, તેમાં ધનવાનોની સહાનુભૂતિ એક મુખ્ય અને મજબૂત કારણ છે. દીગંબરો આપણાથી ઘણા વરસ પહેલાથી કોન્ફરન્સ ભરે છે, પણ તેમાં એકાદ બે અપવાદ સિવાય ધનવાનો ભાગ લેતા નથી, અને તેને પરિણામે ધનવાન અને નવીન કેળવાયલા વર્ગ વચ્ચે બહુ મોટો અંતર પડી ગયો છે, અને તેને લીધે તેઓ થોડું પણ વ્યવહારૂ કામ બજાવી શકતા નથી. આ ઉપરાંત દુનિયામાં જે કાંઇ કાર્ય થાય છે તે ભક્તિજ્ઞ થઇનેજ કરાવી શકાય છે; કાકા થઇને નહિ. આ નિયમ ધ્યાનમાં રાખવાની બહુ જરૂર છે. દરેક કાર્યની મહેનત પોતે કરી તે કાર્યનું માન ધનવાનોને અપાવવાથી કાર્ય જલદી અને ધારેલી રીતે બની શકે એ ચોક્કસ હકીકત દરેક ડહાપણવાળા કેળવાયલાઓએ દરરોજ ધ્યાનમાં રાખવાની જરૂર છે. હાલ તો સબ્જેકટસ કમીટીમાં આ નિયમનું ઉલ્લંઘન વારંવાર થતું જોવામાં આવે છે. અનુભવી માટે માન અને વડીલ પ્રત્યે વિનય એ બન્ને સદ્ગુણોને બીનઅનુભવી અર્ધદગ્ધ કેળવાયલા હાલ નબળાઇમાં ગણી નાખે છે. ખરી સ્વતંત્રતા રાખવાની ખાસ જરૂર સ્વીકારવામાં આવે છે, પણ તે શું છે, કોણે અને ક્યારે રાખવી જોઇએ, અને કેવી રીતે રાખવી જોઇએ ? તે સમજવાની ખાસ જરૂર છે.

સબ્જેકટસ કમીટીમાં કેટલોક નકામો કાળક્ષેપ શાબ્દિક મારામારીમાં પણ જાય છે. અમુક વાક્યરચના કે શબ્દરચના માટે બહુ વખત લેવાય છે, આને માટે કોમના વધારાના મસાણમાં નીકળી આવેલા વિદ્વાનોને પ્રથમ ઠરાવનો ખરડો ભાષા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધિ માટે પણ ખાસ બતાવવો, જેથી આ કાળક્ષેપનો અંત આવશે. હાલ ઠરાવમાં વધારો સુધારો કરવા માટે પ્રથમથી પુછવામાં આવે છે, તેની સાથે ભાષાશુદ્ધિ માટે પણ પુછવું.

ભાવનગર કોન્ફરન્સ વખતે ત્યાંની રીસેપ્શન કમીટીએ બહુ વિચાર કરીને બંધારણનો સવાલ સબ્જેકટસ કમીટી સન્મુખ રજુ કર્યો હતો, તે વખતે સેક્રેટરી-ની નીમણુકો વિગેરે ઓછી અગત્યના સવાલો ઉપર વિશેષ સમય જવાથી સર્વથી અગત્યની બાબત જે સેન્ટ્રલ કમીટી નીમવાની હતી તેનો ઠરાવ થયો, પણ નીમણુક એક વરસ મુલતવી રાખવી પડી હતી. સેન્ટ્રલ કમીટીનું બંધારણ બહુજ અગત્યનું છે. એ કમીટીનું બંધારણ સૂચવનારનો ઉદ્દેશ તેમાં વધારેમાં વધારે સો મેમ્બરો રાખવાનો હતો. તેઓ આખા વરસ દરમ્યાન કોન્ફરન્સના કાર્યવાહકો ગણાય. જરૂરને પ્રસંગે મુંબઈ અથવા બીજા શહેરમાં મળી વિચાર કરી કોન્ફરન્સને નામે કાર્ય કરે, ડેપ્યુટેશનના આકારમાં અમલદાર વર્ગને મળે, અને એવી રીતે આખી કોમના પીડના જોરથી કોમને નામે તીર્થાદિકમાં ઉત્પન્ન થતી અડચણોના પ્રસંગો સાચવી શકે. આ ઉપરાંત કોન્ફરન્સ મળવાને આગલે દિવસે તેઓ સર્વ તે જગો પર આવી જાય અને આખો દિવસ નિવૃત્તિએ બેસી કોન્ફરન્સમાં જે ઠરાવો રજુ થવાના હોય તેના ખરડા તપાસે, જુએ અને ફેરફાર કરી સબ્જેકટસ કમીટી સન્મુખ રજુ કરવા તૈયાર કરે અને ખાસ કરી એ કોન્ફરન્સમાં એક પણ વહેવારૂ કામ શું કરવું છે તેનો નિશ્ચય કરે. આથી કરીને સબ્જેકટસ કમીટીમાં જે કાળક્ષેપ અને નાપસંદ દેખાવો થાય છે તે જરૂર અટકશે, વળી આખા વરસ દરમ્યાન કોઇ પણ અગત્યની બાબત ઉભી થતાં કોન્ફરન્સ ઉંઘતું મંડળ નથી પણ જાગૃત છે, એમ સ્પષ્ટ રીતે લોકોની સન્મુખ રહેશે. કોન્ફરન્સના નામથી અને તેના જનરલ સેક્રેટરીઓની સહીથી અત્યારસુધીમાં કેટલાંક કામો થઈ શકયાં છે, અને તેની પ્રતિષ્ઠા અને છાપ બહારના માણસો ઉપર કેટલી સજજડ પડી છે એ વાતનો જેને અનુભવ હશે તે સેન્ટ્રલ કમીટીની આવશ્યકતા તુરત સ્વીકારી લેશે. કમનશીબે આ વરસે પણ ખરડામાં તેવી નીમણુક કરવાનો ઠરાવ હોવા છતાં વખતને અભાવે તે પડી રહ્યો છે. આ કમીટીમાં જેનાં નામ બોલવામાં આવે તેને લાણી આપતા હોય તેમ ગમે તેને દાખલ કરી કમીટીની મહત્વતા ઓછી ન કરવા ખાસ આગ્રહ છે. દરેક ગામના કબુલ કરાયલા આગેવાનો અને અનુભવી વિદ્વાનોને બહુ ઓછી સંખ્યામાં આ કમીટીમાં લેવા, તેમાં પણ જેઓ બોલાવીએ ત્યારે ગમે ત્યાં આવે તેવા સરળ અને સાદા તેમજ કોન્ફરન્સ તરફ લાગણી ધરાવનારાની આ સેન્ટ્રલ કમીટીમાં નીમણુક કરવામાં આવશે; એટલે સબ્જેકટસ કમીટીમાં જે નિરૂપયોગી છુંદણા છુંદવામાં આવે છે, તેનો અંત આવી જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સબ્જેક્ટસ કમીટીની મહેનત ઓછી કરવાનો બીજો ઉપાય પણ છે. ગ્રેજ્યુએટસ એસોશીએશન હાલ બીજે દિવસે ઘણું ખરૂં મળે છે, તેને બદલે જો કોન્ફરન્સને આગલે દિવસે મળી તેઓ પણ જો ઠરાવેલા ખરડાપર અગત્યનું વિવેચન કરી સૂચનાઓ કરે તો બહુ લાભ થવા સંભવ છે. ખાસ અગત્યની બાબત એ છે કે દરેક સંબંધે વ્યવહારૂ પગલાં કેવાં ભરવાં તેની ખાસ સૂચના સર્વ સંયોગો ધ્યાનમાં લઇને આપવી જોઇએ.

## નિયમિતપણું—વક્તાઓ.

કોન્ફરન્સનું ખરૂં કાર્ય બરાબર ચાલે તો અગીઆર કલાક થાય છે. બીજા અને ત્રીજા દિવસોમાં આ માટે નિર્માણ થયેલા છે. આ અગીયાર કલાકમાં પણ નિયમિતપણું જળવાતું નથી. સાડા અગીયારને બદલે એક વાગે ઘણીવાર કોન્ફરન્સનું કામ શરૂ થાય છે. ત્યારપછી બન્ને દિવસે આરંભમાં ગાયનોમાં લગભગ કલાક જાય છે. આ વખતે ગાયનોમાં વખત ઓછો ગયો હતો. છતાં હવેથી માંગલિક તરીકે એક મધુર ગાયન સંજુલ સ્વરથી ગાઇ તુરતજ કાર્યની શરૂઆત થવી જોઇએ. આ ગાયન પણ અગીઆર વાગ્યા પહેલાં પૂરૂં થવું જોઇએ. વળી છેવટે અરસપરસ આભાર દર્શાવવામાં બે કલાક જાય છે. આવાં કારણોને લઇને આખી કોન્ફરન્સનું મહત્વનું કાર્ય હાલ માત્ર છ કલાક રીતસર ચાલે છે. આમાં વધારો કરવાની વ્યવસ્થા જનરલ સેક્રેટરીઓ પ્રમુખને આગ્રહ કરી સારી રીતે કરી શકે, વખતની અલ્પતાને લીધે હવે લગભગ દરેક વક્તાને જ્યારે બોલવાની ચીકાશ આવી હોય, અસર ઉપજાવી શકાય તેની સ્થિતિની શરૂઆત થતી હોય ત્યાં ટોકરીને માન આપવું પડે છે. ટોકરીનો અવાજ ગમે તેવા પ્રબળ વક્તાને અસર વગરનો કરી નાંખે છે. કેટલાક વક્તાઓ ' ગો ઓન ' નું માન મેળવે છે. પણ ત્યારપછી વિચાર સંકળના અને વાક્ય સંકળના અસંબદ્ધ થઇ જાય છે, અને વક્તા તથા શ્રોતા બન્નેનો ઉદ્દેશ પાર પડતો નથી. બહુ લંબાણ થઇ જવાના કારણ વગર ટોકરીનો ઉપયોગ થવો ન જોઇએ. એ વાત આપણા આગેવાનોના ધ્યાન બહાર જણાય છે. વક્તાઓ આપેલા ટાઇમમાં બોલી શકતા નથી. તેનું કારણ એ છે કે વખત ઓછો છે વિગેરે બાબત કહી વિષયની પ્રસ્તાવનામાંજ દરેક વક્તા ત્રણ મિનિટ લઇ લે છે. જ્યારે દશ મિનિટ જેટલો અલ્પ સમય મળ્યો હોય ત્યારે બિલકુલ પ્રસ્તાવના કે ઉપોદ્ઘાત કર્યા વગર વક્તાઓ એકદમ મુખ્ય મુદ્દા તરફ આવી જવું, અને શરૂઆત મુદ્દાપરથીજ કરવી. વક્તાઓએ સમજવું જોઇએ કે ટોકરીનો અવાજ એ એક અપમાન બરાબર છે, અને તેથી આપેલા ટાઇમમાં પોતાનો વિષય તેણે પૂરો કરવોજ જોઇએ. આ ઉપરાંત વક્તાનાં નામ નક્કી કરતી વખતે પણ સેક્રેટરીઓએ બહુ ધ્યાન રાખવાનું છે. એક વિષય ઉપર થોડું થોડું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્તવ્યસ્ત બોલી મંડપને બીજી વાતોમાં પડવા દેનાર પ્રાકૃત વક્તાઓને શીખવાનું સ્થાન કોન્ફરન્સ નથી, પણ પ્રખર વક્તાઓના અસર કારક શબ્દોનો મનપર ધ્વનિ પડે એવાઓનેજ માટે કોન્ફરન્સ મંડપ છે, એમ સર્વેએ લક્ષ્યમાં રાખવાનું છે. આ અગત્યની બાબતને અંગે એક આડકતરી વાત ઉપર પણ વિચાર થઈ આવે છે, આપણી કોમમાં હજુ પ્રખર વક્તાઓ નથી. પંડિત લાલન વિગેરે સારા વકતાઓ છે, પણ વકતૃત્વ કળામાં સુધારો કરવાને માટે હવે બહુ અવકાશ છે. વિષય અને પરિષદ્‌ની ગંભીરતા જાળવી અસરકારક શબ્દોમાં અસરકારક રીતે બોલી અસર ઉપજાવવાથી તાત્કાલિક લાભ ઉપજાવી શકે એવા વકતાઓની કળાનો રીતસર અભ્યાસ થઈ શકે છે. વકતૃત્વ કળાની બક્ષીસ કુદરતી રીતે ન હોય તે પણ પ્રયાસથી ડેમોસ્થનીસની પેઠે ઉત્તમ વક્તા થઈ શકાય છે, એ વાત બતાવે છે કે વક્તાઓએ આ વિષયનો નિયમસર અભ્યાસ કરવો જોઇએ.

## પ્રકીર્ણ.

આપણી કોમ વ્યાપારી હોવાથી દરેક બાબતની ગણતરી કર્યા કરે છે. જેઓમાંનો કેટલોક ભાગ કોન્ફરન્સે શું કર્યું ? એ સવાલ વારંવાર પુછે છે. જો હેરલ્ડ અથવા કોન્ફરન્સનો વાર્ષિક રિપોર્ટ વાંચવામાં આવે તો તો આ સવાલ ઉદ્‌ભવવાનો સંભવ રહેતો નથી. જેઓ કોન્ફરન્સના આરંભના ઇતિહાસથી જાણીતા છે, તેઓના ધ્યાનમાં છે કે કોન્ફરન્સની સ્થાપના થઇ ત્યારે અને મુંબઇની બેઠક વખતે કોન્ફરન્સ આટલા અલ્પ સમયમાં આટલા બધા મહત્વના કાર્યો કરશે, એવી માન્યતા પણ નહોતી અને એ યોજના ઉપર એનું બંધારણ પણ રચવામાં આવ્યું નહોતું. લગભગ દરેક જાહેર જૈન બાબતમાં કોન્ફરન્સ ઘણું કરી શકી છે, અને ખાસ કરીને જૈનોના વિચારક્ષેત્રમાં જે અસાધારણ ફેરફાર તેણે કર્યો છે તેનો ખ્યાલ તો વીશ પચીશ વરસેજ આવી શકશે. આ સર્વ હકીકતના સંબંધમાં જાહેર પ્રજામતને બરાબર હકીકતથી વાકેફ કરવાની હજી જરૂર છે, અને તેથી તે સંબંધમાં દરેક કોન્ફરન્સમાં કાંતો જનરલ સેક્રેટરી તરફથી ઉપર જણાવ્યું તેમ પ્રથમ દિવસે અથવા કોન્ફરન્સના બંધારણના સવાલને અંગે અથવા વાર્ષિક રિપોર્ટ પસાર કરાવવાને અંગે વિવેચન થવું ઇષ્ટ છે.

વોલંટીયરો નાની વયના હોય છે, ત્યારે કામ કરી શકતા નથી અને મોટી વયના હોય છે, ત્યારે કામ કરી શકે તેવી સ્થિતિમાં મૂકાતા નથી; આથી સોળથી બાવીશ વરસની વયનાનેજ વોલંટીયરો બનાવવા, અને તેની સંખ્યા પણ દોઢસોનીજ રાખવી. જેમ ઘણા માણસો કોન્ફરન્સ તરફ ખેંચાય તેમ સારૂં એ એક નિયમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ ઘણા માણસો ભેગા થઈ નકામી ગડદી કરી અરસ્પરસના કામને ઈર્ષ્યાથી કે સંપથી બગાડી ન નાખે એ પણ ખાસ નિયમ છે.

કોન્ફરન્સનો ખરચ—હાલ ઘણી જગોએથી ફરિયાદ થાય છે કે કોન્ફરન્સના અધિવેશનમાં ઠાઠમાઠમાં બહુ મોટો ખરચ થાય છે. આ હકીકતમાં કેટલીક સત્યતા છે. પણ તેને અંગે બીજા વિચારો પણ ખાસ કરવા યોગ્ય છે. કોન્ફરન્સની હીલચાલ લોકપ્રિય થવામાટે આવા ઠાઠમાઠથી દશેક બેઠક જુદીજુદી જગોએ ભરવી અને ત્યાર પછી તેનો ઉદ્દેશ અને હેતુ લોકોમાં સુપ્રસિદ્ધ થાય ત્યારપછી જવાબદાર આગેવાનોનું વિચારશીળ સંઘ વરસમાં બે ચાર દિવસ તદ્દન સાદા આકારમાં એકત્ર થઈ સૂચનાના આકારમાં નહિ પણ ઠરાવના આકારમાં નિયમો બાંધે—આ કોન્ફરન્સનું સાધ્યબિંદુ છે અને બીજી કોન્ફરન્સથીજ તે સાધ્યબિંદુ હતું. નિઃસ્વાર્થ કામ કરનારા કોણ કોણ છે, તેઓને ઓળખવાનું અને તેઓના સંબંધમાં આવવાનું અને તેઓને એકત્ર કરવાનું કેંદ્ર કોન્ફરન્સ છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મોટી સંખ્યામાં લોકોનું આકર્ષણ તે તરફ કરવું યુક્ત છે અને **बालः पश्यति लिंगम्** એ નિયમ પ્રમાણે બાહ્ય ઠાઠમાઠ પણ શરૂઆતમાં રાખવો યુક્ત છે. હવે એકાદ બે અધિવેશન મારવાડ મેવાડ ને પંજાબમાં, એકાદ બેંગોલમાં અને એકાદ દક્ષિણમાં થઈ જાય તો ત્યારપછી બારમી કોન્ફરન્સ મુંબઈ બોલાવી તેનો આકાર અને બંધારણ તદ્દન ફેરવી નાંખવું યુક્ત છે. હજુ થોડો વખત હાલની સ્થિતિ પ્રમાણે થોડો ખરચ કરવાથી લાભ છે. અત્યારના બંધારણ પ્રમાણે કોન્ફરન્સનો ઉદ્દેશ વિચારક્ષેત્રમાં ફેરફાર કરવાનો છે, અને તે ઉદ્દેશમાં તે ઘણે અંશે ફતેહ પામી છે. કોઈ આગેવાનનું કોન્ફરન્સના ઠરાવ વિરૂદ્ધ વર્તન જોઈ કોન્ફરન્સને ઉતારી પાડવા જેવું વચન નીકળી જાય એ વસ્તુ સ્વરૂપ અને વ્યવહારૂ કાર્ય પદ્ધતિના સામાન્ય નિયમોના વિશેષ જ્ઞાનની ગેરહાજરી બતાવે છે. કોન્ફરન્સનું સૂચક સ્વરૂપ ધ્યાનમાં લેતાં જે ખરચ કરવામાં આવે છે તે વિશેષ નથી, ગાદી તકીઆની બેઠકથી ચાલી શકે માટે ખુરશીની બેઠક ન કરવી એવો વિચાર કરનારાઓ આવા મોટા સમૂહમાં કેટલી ગુંચવણો ઉભી થાય તેનો ખ્યાલ કરતા નથી. ઝુમર, ફુલ કે ધ્વજા પતાકાનો ખરચ કાંઈપણ અગવડ વગર ઓછો કરી શકાય. ખરચની બાબતમાં બહુ સખત થવાની હાલ જરૂર નથી. લગ્નાદિક પ્રસંગે હજારોનાં ખરચ કરનારા ગૃહસ્થો સ્વામિભક્તિમાં થોડા રૂપિયા ખરચી નાંખે તે અયોગ્ય નહિ કહેવાય. વળી ભાવનગર કોન્ફરન્સ વખતે કરેલા બંધારણથી ડેલીગેટોની સંખ્યામાં મોટો ફેર પડી જવાનો સંભવ છે. અને ચાર પાંચ બેઠક પછી તદ્દન સ્વરૂપ ફેરવી નાખતી વખત નામના ખરચે કોન્ફરન્સ બોલાવવાનો સવાલ હાથ ધરવા યોગ્ય છે. આગેવાનો આવે અને સામાન્ય વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્ગ કોન્ફરન્સમાં ભાગ ન લે, અથવા સામાન્ય માણસો ભાગ લે અને વિદ્વાનો દૂર બેઠા રહે તો કોન્ફરન્સનો ઉદ્દેશ પાર પડવાનો નથી. આ સર્વ જાતિના માણસોને એક સાથે રાખે તેવી રીતે મેળાવડો કરવાનો હાલનો રસ્તો તુરતમાં ફેરવી નાંખવો લાભપ્રદ હોય એમ જણાતું નથી.

**સ્થાનિક બાબતો**–કોન્ફરન્સના વિજયી થવામાં જે જે પ્રત્યવાયો નડવાનો સંભવ હોય તેને પ્રથમથી દૂર કરવાનો ઇરાદો રાખી શરૂઆતથી એક નિયમ કરવામાં આવ્યો છે કે સ્થાનિક બાબતોમાં કોન્ફરન્સે વચ્ચે આવવું નહિ. આ વખતે ખંભાતની પ્રતિમાની હકીકત સબ્જેક્ટસ કમીટીમાં લાવવામાં આવી હતી. અને તેમાં પ્રતિમાજીને લગતો અગત્યનો સવાલ સમાયલો હોવાથી તે બાબત હાથ ધરવા આગ્રહ કરવામાં આવ્યો હતો. સારી સમજ વાપરી કોન્ફરન્સે આ સવાલને તેનું ખાનગી રૂપજ આપ્યું હતું. આ પ્રસંગે યાદ રાખવું ઘટિત છે કે દરેક તકરારમાં અમુક નિયમ તો રહ્યા હોય છે. બોટાદના તકરારમાં વરઘોડાનો સવાલ ઓછા અહત્વનો નહોતો; છતાં તે સ્થાનિક સવાલ હોવાથી ત્યાંના રહેવાશીઓનો ત્રણ વરસનો સતત્ પ્રયાસ છતાં કોન્ફરન્સે તે સવાલ ઉપાડી લેવા ના પાડી હતી. કોન્ફરન્સની ચાલુ હયાતી માટે આ નિયમને મક્કમપણે વળગી રહેવાની બહુ જરૂર છે.

**તીર્થરક્ષા**—આ સવાલની મહત્વતા બહુ ઓછી સમજવામાં આવી છે. દિગંબર બંધુઓની વિચિત્ર કાર્યપદ્ધતિને લીધે અને બીજા સ્થાનિક તેમજ રાજકીય કારણોને લીધે આપણાં ઘણાં તીર્થો હાલ ભયમાં આવી પડ્યા છે. તે સંબંધમાં મજબૂતીથી કાર્ય કરવા માટે એક કમીટીની જરૂર હતી. લાંબી ચર્ચા થયા પછી આવી એક કમીટી જોકે નીમવામાં આવી છે, પણ તેના સેક્રેટરીઓની નીમણુક થઇ નથી; તેથી આ વરસે તો કાંઇ મહત્વનું કાર્ય થવા સંભવ નથી. વળી સર્વથી વધારે અગત્યનો પ્રશ્ન તેઓએ પૈસા ક્યાંથી ખરચવા એ છે. જ્યાંસુધી એ સવાલનો નિર્ણય ન થાય ત્યાંસુધી કમીટી ઉભી કરી રાખવી એ માત્ર ખોખુંજ છે. સ્થાનિક વહીવટ કરનારાઓને અને આ કમીટીને સંઘટ્ટ થવાનો ભય બતાવવામાં આવે છે, તે વિચારવા યોગ્ય છે, પણ તેનો રસ્તો કાઢવો જોઇએ. એ ભયથી ડરી જઇને કમીટીનું બંધારણજ અટકાવવું ન જોઇએ. આંતર વ્યવસ્થામાં તો સ્થાનિક વહીવટદારોનોજ પ્રબળ અવાજ રહેવો જોઈએ, પણ જ્યારે તીર્થના સંબંધમાં જાહેર હકના સવાલો આવે ત્યારે કોન્ફરન્સથી નીમાયેલી કમીટી કામ કરે એવો કાંઇક પ્રબંધ થવો જોઇએ અને આવી કમીટીમાં વીશથી વધારે મેંબર ન રાખવા જોઇએ. મોટી સંખ્યા ઇષ્ટ છે, પણ તેથી જવાબદારી તદ્દન વહેંચાઇ જાય છે એ ખાસ લક્ષ્યમાં રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખવાની જરૂર છે. દિગંબરોની તીર્થરક્ષક કમીટી કેટલું ગુપચુપ પણ મુદ્દાસરનું કામ કરે છે અને તેના સેક્રેટરીપર કેટલો વિશ્વાસ મૂકે છે તે જોઇ અનુકરણ કરવા યોગ્ય છે. વળી અનુભવથી એમ પણ જણાય છે કે આવી કમીટીના સેક્રેટરી તરીકે બહુ સારા પગારથી એક ગ્રેજ્યુએટને નીમ્યો હોય અને તે સેક્રેટરી દરેક તીર્થના ઓનરીઆ, દસ્તાવેજો, લેખો, પુરાવાની નકલો પોતાની પાસે સંગ્રહી રાખે કે જેથી જરૂરને વખતે નકામી શોધખોળમાં વખત ન જતાં તુરતજ કામ થઇ શકે.

**ઉપદેશકોની જરૂર**—કોન્ફરન્સનો ઉદ્દેશ પાર પાડવા ઉપદેશકોની બહુ જરૂર છે. કેટલાક સ્વયંસેવકો ઉપદેશકનું કામ કરેછે. તે પૂરતો તેઓનો આભાર માનવો ઘટે છે. આ ઉપરાંત પગારદાર ઉપદેશકોને રાખવાથી કોન્ફરન્સના ઠરાવો વ્યવહારૂ આકાર લેશે. રીત રિવાજના સુધારા અને કેળવણીનો પ્રચાર કરવાનું કામ ઉપદેશકો બહુ સારૂં કરી શકશે. આ ઉપરાંત વિદ્વાનો–ગ્રેજ્યુએટો વિગેરે થોડો વખત બચાવી દરેક વરસમાં બહાર મુસાફરીએ નીકળી પડે તો તેઓ બહુજ લાભ કરી શકે. આ એક ધ્યાનમાં લેવા લાયક સૂચના છે.

આ સિવાય બીજી પણ કેટલીક સૂચનાઓ કરવા યોગ્ય છે. આવી બાબતે જુદા જુદા અનુભવી લેખકોની કસાયલી કલમોથી ચર્ચાય તો તેથી ઘણો લાભ થવા સંભવ છે.

---


### પુનામાં કોન્ફરન્સ ભરાણી તે વખતે વેંચાયેલી ઉપયોગી જાહેર ખબર.

### મુંબઈ ઝવેરી મંડળ તરફથી ભેટ.

**કેશર, બરાશ, સુખડ, વાલાકુંચી, ચક્ષુ, ટીલા, નવઅંગીઆ વિગેરે.**

જૈન દેરાસરોમાં ( ફંડ ન હોય ત્યાં ) મુંબઈ ઝવેરી મંડળ કેસર, બરાસ, સુખડ, વાલાકુંચી, ચક્ષુ, ટીલા, નવઅંગીયા વીગેરે ભેટ મોકલશે. અને જે લોકો સદરહુ ખાતાઓમાં ભેટ મોકલશે તે સ્વીકારી પહોંચ આપશે. જરૂર હોય ત્યાંથી નીચેના સરનામે લખી મંગાવી લેવા મેરબાની કરવી.

મમાદેવી<br>ઝવેરી બજાર<br>તા. ૧૮–૫–૦૬

લી૦ સેવક,<br>ઝવેરી હેમચંદ ખીમચંદ.<br>ઓ૦ સેક્રેટરી. મુંબઇ ઝવેરી મંડળ.

### જાહેર ખબર.

**મફત! મફત!! તદન મફત!!!**

**વાંચો અને અગવડ હોય ત્યાં લઇ જાઓ.**

આજ લગભગ બે વર્ષ થયાં જે ગામના જૈન શ્વેતાંબર મંદિરોમાં કેશર બરાસની અગવડ હોય ત્યાં પુરૂ પાડવાને માટે 'શેઠ ઘેલાભાઇ લાલભાઇ ઝવેરી કેશર સુખડ ફંડ' ઉભું કરવામાં આવેલું છે, માટે સર્વે ગૃહસ્થોને જણાવવાનું કે જે ગામના જૈન શ્વેતાંબરી મંદિરોમાં અગવડ હોય તેમણે મફત નીચેને સરનામેથી લઇ જવું.

**શા. નગીનદાસ ઘેલાભાઈ ઝવેરી.**<br>ઝવેરી બજાર—મુંબઇ.


For Private And Personal Use Only